અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ માર્ચ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૧૧ | અંક : ૨૬૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# સરકારે સાંસદોને આપી મોટી ભેટ, પગાર, પેન્શન, DA માં કરાયો વધારો

## સાંસદોનો માસિક પગાર રૂ. ૧,૦૦,૦૦૦ હતો જે વધારીને રૂ. ૧,૨૪,૦૦૦ પ્રતિ માસ કરાયો : દૈનિક ભથ્થું ૨,૦૦૦થી વધારીને ૨,૫૦૦ રૂપિયા કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

કેન્દ્ર સરકારે સંસદના સભ્યો અને પૂર્વ સભ્યોના વેતન, દૈનિક ભથ્થા અને પેન્શનમાં વધારો કરવાનું સત્તાવાર નોટિફિકેશન જાહેર કર્યું છે. સંસદીય કાર્ય મંત્રાલય તરફથી જાહેર કરાયેલા નોટિફિકેશન પ્રમાણે ૧ એપ્રિલ, ૨૦૨૩થી આ સંશોધિત વેતન લાગૂ થશે.



મોદી સરકારે મોંઘવારીને ધ્યાનમાં રાખતા સંસદ સભ્યોના વેતન, ભથ્થા અને પેન્શન અધિનિયમ ૧૯૫૪ હેઠળ વેતન અને પેન્શનમાં સંશોધન કર્યું છે. હવે વેતન અને ભથ્થાની વાત કરવામાં આવે તો પહેલા સંસદ સભ્યોને વેતન ૧,૦૦,૦૦૦ રૂપિયા મળતા હતા તે વધારી ૧.૨૪ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે. આ રીતે દૈનિક ભથ્થામાં પણ વધારો થયો છે. દૈનિક ભથ્થું ૨૦૦૦ રૂપિયાથી વધી ૨૫૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે. સંસદના સભ્યો અને પૂર્વ સભ્યો માટે માસિક પેન્શન ૨૫૦૦૦ રૂપિયાથી વધારી ૩૧૦૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. એટલું જ નહીં એડિશનલ પેન્શન પહેલા ૨૦૦૦ રૂપિયા દર મહિને હતું, જેને વધારી ૨૫૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. આ સંશોધન સંસદના ચાલૂ બજેટ સત્ર દરમિયાન કરવામાં આવ્યું છે. સાંસદોના વેતન, ભથ્થા અને પેન્શનમાં છેલ્લે એપ્રિલ ૨૦૧૮માં ફેરફાર થયો હતો. આ વધારાથી રાજકોષ પર નાણાકીય અસર પડવાની સંભાવના છે, કારણ કે ૫૪૩ લોકસભા સાંસદ, ૨૪૫ રાજ્યસભા સાંસદ અને ઘણા પૂર્વ સાંસદ છે જેને વધેલા પેન્શનનો ફાયદો મળશે. વેતન અને ભથ્થા સિવાય સેવારત સાંસદોને ઘણી સુવિધાનો ફાયદો મળે છે. સાંસદોને પોતાના સંસદીય ક્ષેત્રમાં કામ કરવા માટે ૭૦,૦૦૦ રૂપિયા દર મહિને સંસદીય ભથ્થું મળે છે અને ઓફિસ ખર્ચ માટે ૬૦,૦૦૦ રૂપિયા મળે છે. તેમાં કર્મચારીઓનું વેતન, ફોન અને સ્ટેશનરી સામેલ છે. સાંસદોને પોતાના અને પોતાના પરિવાર માટે દર વર્ષે ૩૪ ફ્રી હવાઈ યાત્રા કરવાનો પણ ફાયદો મળે છે. સાથે કેટલીક જગ્યાએ ભાડા વગર આવાસ પણ મળે છે. જે લોકો સત્તાવાર આવાસ લેવા ઈચ્છતા નથી, તે ૨ લાખ રૂપિયા માસિક આવાસ ભથ્થાનો દાવો કરી શકે છે. આ સિવાય પણ સાંસદોને અન્ય લાભ મળે છે. તેમાં ૫૦ હજાર યુનિટ ફ્રી વીજળી, પરિવારના સભ્યો માટે કેન્દ્ર સરકાર સ્વાસ્થ્ય યોજના હેઠળ સ્વાસ્થ્ય કવરેજ સામેલ છે.

સંસદીય બાબતોના મંત્રાલયે કહ્યું કે સાંસદોના પગાર, દૈનિક ભથ્થા અને ભૂતપૂર્વ સાંસદોના પેન્શનમાં આ વધારો ૧ એપ્રિલ, ૨૦૨૩થી લાગુ થશે. આ ફેરફારો સંસદના સભ્યોના પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, ૧૯૫૪ દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને કરવામાં આવ્યા છે અને તે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧માં નિર્દિષ્ટ ખર્ચ ફુગાવાના સૂચકાંક પર આધારિત છે.

### દેશભરમાં થનારી બેન્કોની બે દિવસીય હડતાળ ટળી

। નવી દિલ્હી, તા.૨૪ ।

દેશભરની બૅન્કોમાં આજથી શરુ થનારી બે દિવસીય હડતાળ પાછી ખેંચાઈ છે. યુનાઈટડ ફોરમ ઓફ બૅન્ક યુનિયન્સે (UFBU) ૨૪-૨૫ માર્ચની બૅન્ક હડતાલ મોકૂફ રાખવાનો નિર્ણય જાહેર કર્યો હતો. પાંચ દિવસીય કામકાજના દિવસો સહિત અનેક મુખ્ય મુદ્દાઓ પર સફળ ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. ઈન્ડિયન બૅન્ક ઍસોસિએશન (IBA), કેન્દ્રીય નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવા વિભાગ (DFS) અને કેન્દ્રીય શ્રમ કમિશ્નર (CLC)ના પ્રતિનિધિઓએ બૅન્ક કર્મચારીઓ સાથે ચર્ચામાં ભાગ લીધો હતો. આ બેઠક ખાસ કરીને યુનિયનોની માંગણીઓને સંબોધવા માટે યોજવામાં આવી હતી.

સત્તાપક્ષ-વિપક્ષ વચ્ચે ઘમસાણ

### રાજ્યસભામાં કર્ણાટકમાં મુસ્લિમોને અનામતના મુદ્દે ભારે હોબાળો થયો

**ધર્મના આધારે અનામત આપી શકાય નહીં : જેપી નડ્ડા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



સંસદની કાર્યવાહી શરુ થતાં જ કર્ણાટક અનામત મુદ્દે આજે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. કર્ણાટકમાં સરકારી ટેન્ડરમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને ૪% આરક્ષણ આપવામાં આવ્યું છે. આ મામલે ભાજપ આક્રમક છે. ભાજપનું કહેવું છે કે કર્ણાટકની કોંગ્રેસ સરકારે અનામતનો ભંગ કર્યો છે. રાજ્યસભામાં ભાજપે મલ્લિકાર્જુન ખડગે પાસેથી સ્પષ્ટતા માંગી હતી. આ દરમિયાન હંગામો વધતાં રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. કર્ણાટકમાં સરકારી કોન્ટ્રાક્ટમાં મુસ્લિમોને અનામત આપવાના નિર્ણયને લઈને સોમવારે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે, બંધારણમાં લખ્યું છે કે, ધર્મના આધારે અનામત આપી શકાય નહીં. પરંતુ કર્ણાટક સરકારે એક બિલ પસાર કર્યું છે જેમાં જાહેર કરારમાં ૪ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, આ મહત્ત્વપૂર્ણ બાબત અમારા ધ્યાન પર આવી છે કે કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ નિવેદન આપ્યું છે કે તેઓ બંધારણમાં સુધારો કરશે જેથી મુસ્લિમ સમુદાયને અનામત આપી શકાય. આ નિવેદન બંધારણ પર હુમલો છે. અમે આ સહન નહીં કરીએ. કોંગ્રેસ અધ્યક્ષે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. આ મામલે સંસદમાં વધુ હોબાળો થવાની શક્યતા છે.

રોકાણકારોએ કરી ૨૫ લાખ કરોડની કમાણી

## ૬ દિવસમાં સેન્સેક્સ ૪૧૫૪ પોઈન્ટ ઉછળ્યો

### બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૧,૦૭૮.૮૮ પોઈન્ટના વધારા સાથે ૭૭,૯૮૪.૩૮ પર બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

ભારતીય શેરબજારમાં ફરી એકવાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા છ દિવસથી શેરબજારમાં સતત ઉછાળો નોંધાયો છે, જેના કારણે રોકાણકારોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. સોમવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો સેન્સેક્સ ૧,૦૭૮.૮૮ પોઈન્ટના વધારા સાથે ૭૭,૯૮૪.૩૮ પર બંધ થયો હતો. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી પણ ૩૨૩.૫૫ પોઈન્ટ વધીને ૨૩,૬૭૩.૯૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો.

છેલ્લા છ દિવસના આંકડાઓ પર નજર કરીએ તો સેન્સેક્સમાં જબરદસ્ત તેજી જોવા મળી છે. ૧૭ માર્ચે સેન્સેક્સ ૭૩,૮૩૦.૦૩ પોઈન્ટ પર ખુલ્યો હતો, જે ૨૪ માર્ચે વધીને ૭૭,૯૮૪.૩૮ પોઈન્ટ પર બંધ થયો હતો. આ રીતે માત્ર છ દિવસમાં સેન્સેક્સે ૪૧૫૪ પોઈન્ટનો મોટો ઉછાળો નોંધાવ્યો છે. શેરબજારમાં આવેલી આ અદભૂત તેજીને કારણે રોકાણકારોએ પણ ખૂબ જ કમાણી કરી છે. છેલ્લા છ દિવસમાં શેરબજારના રોકાણકારોએ આશરે રૂ. ૨૫.૬૯ લાખ કરોડની કમાણી કરી છે.

જો માર્કેટ કેપની વાત કરીએ તો ૧૭ માર્ચે BSE પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. ૩,૯૨,૮૦,૩૭૮ કરોડ હતું, જે ૨૪ માર્ચે બજાર બંધ થતાં વધીને રૂ. ૪,૧૮,૪૯,૯૦૦.૪૧ કરોડ થઈ ગયું છે. આ આંકડાઓ દર્શાવે છે કે રોકાણકારોએ ટૂંકા ગાળામાં જ મોટી સંપત્તિ બનાવી છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII)નું વળતર : જે વિદેશી રોકાણકારો અગાઉ સતત વેચવાલી કરી રહ્યા હતા, તેઓ હવે ફરીથી ભારતીય બજારમાં ખરીદી કરી રહ્યા છે. છેલ્લા ચાર સત્રોમાંથી ત્રણમાં FIIએ ખરીદી કરી છે. ૨૧ માર્ચે FIIએ રૂ. ૭,૪૭૦ કરોડની ખરીદી કરી હતી, જેના કારણે બજારમાં સકારાત્મક માહોલ બન્યો હતો.




# શ્રીઅન્ન અને ખીચડીની આહાર શૈલી માટે જનજાગૃતિ ફેલાવતા વડોદરાના જેઠવા પરિવાર સાથે મુખ્યમંત્રીની સ્નેહસભર મુલાકાત







। (માહિતી બ્યુરો) વડોદરા, તા.૨૪ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમની વડોદરા શહેરની મુલાકાત દરમિયાન શ્રીઅન્ન અને તેનામાંથી બનતી પોષક તત્વોથી ભરપૂર ખીચડીનો પ્રચારપ્રસાર કરતા એક પરિવાર સાથે સંવાદ સાધ્યો હતો. વડોદરા શહેરમાં રહેતા જગદીશભાઈ જેઠવા શ્રીઅન્નમાંથી મળતા પોષક તત્વો અને ખાસ કરીને દૈનિક આહાર શૈલીમાં ખીચડીનું ચલણ વધારવા માટે દેશવિદેશમાં જાગૃતિ અભિયાન ચલાવે છે. મહારાજ સયાજી રાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં તેમણે કરાવેલા વિશ્લેષણ દરમિયાન શ્રીઅન્નથી બનતી ખીચડીમાં ૧૬ જેટલા પોષક તત્વો મળતા હોવાનું ફલિત થયું હતું. શ્રી જગદીશભાઈ જેઠવાને ખીચડી કિંગ તરીકે ઓળખવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીઅન્નના આહારમાં ઉપયોગ થકી શારીરિક આરોગ્ય વધારવા માટે છેડેલી મુહિમને શ્રી જેઠવા આગળ વધારી રહ્યા છે, આ બાબતને ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જેઠવા પરિવાર સાથે શુભેચ્છા મુલાકાત કરી તેમના ઉત્સાહમાં વૃદ્ધિ કરી હતી. શ્રી જગદીશભાઈ જેઠવાએ બાળકો, યુવાનો, મહિલાઓ અને વૃદ્ધો માટે કેવી ખીચડી અને કઢી બનાવી શકાય, તેના રેડી ટુ યુઝ મિક્સ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યા હતા. આ મુલાકાતમાં શ્રી મિલનબેન જેઠવા ઉપરાંત તેમના સંતાનો ડેનિશ અને દેવાંશી પણ જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જેઠવા પરિવાર સાથે સ્નેહસભર મુલાકાત કરી હતી અને તેમની સાદગી, સરળતા નિહાળીને જેઠવા પરિવાર આનંદવિભોર થઈ ગયો હતો.

### IPL મેચ દરમિયાન GMRCનો મોટો નિર્ણય લેવાયો

# મેચના દિવસે મધ્યરાત્રિના ૧૨:૩૦ કલાક સુધી મેટ્રો ટ્રેન ચાલુ રહેશે

### ક્રિકેટ રસિકોને મોટેરા સુધી જવા અને પરત આવવામાં સરળતા રહે તે માટે આ ફેરફાર કરવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓની હાલની સમયમર્યાદા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી છે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની બંને કોરિડોર (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) ના કોઈ પણ કાર્યરત મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.

આ ઉપરાંત, જીએમઆરસીએ મેટ્રોના મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે ઉપર દર્શાવેલ IPL મેચોના દિવસોમાં મોટેરા સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા, સ્પેશ્યલ પેપર ટિકિટ બહાર પાડેલ છે. સ્પેશિયલ પેપર ટિકિટની વિશેષતાઓ નીચે મુજબ છે.સ્પેશ્યલ પેપર ટિકિટનું ભાડું પ્રતિ વ્યક્તિ દીઠ ૫૦ રહેશે, જેનો ઉપયોગ લંબાવેલ સમય દરમ્યાન મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ મેટ્રોની બંને લાઈન પરના કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી માટે થઈ શકશે. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ, QR ડિજિટલ ટિકિટ અને QR પેપર ટિકિટ સાથેની એન્ટ્રી પણ રાબેતા મુજબ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી નિયમિત ભાડા પર ઉપલબ્ધ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપથી અગાઉથી ખરીદેલી ટિકિટ રાત્રિ ના ૧૦ વાગ્યા પછી માન્ય રહેશે નહીં.

સ્પેશ્યલ પેપર ટિકિટ મેચના દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.જાહેર જનતાને નોંધ લેવા નમ્ર વિનંતી છે કે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે. ઉપર જણાવેલ તારીખો દરમ્યાન અમદાવાદમાં મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે. રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી દર ૬ મિનિટે મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે. મોટેરા મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યાનો રહેશે.

## આંગણવાડીના અભાવના કારણે બાળકો મંદિરમાં ભણવા બેઠા

। ભાવનગર, તા.૨૪ ।

વલભીપુર તાલુકામાં આવેલું ખેતાટીંબી ગામ કે જ્યાં આજે પણ બાળકો મંદિરમાં બેસી સારા ભાવિ માટે પ્રાર્થના સાથે પાયો મજબૂત કરતા જોવા મળ્યા છે, રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે આંગણવાડીને નંદ ઘરનું સ્વરૂપ આપી વિવિધ સુવિધાઓ પણ અપાય છે દરરોજ અલગ અલગ પૌષ્ટિક આહાર સાથે રમત ગમતના સાધનો પણ આપવામાં આવે છે પરંતુ સુવિધાઓના લાંબા લિસ્ટ વચ્ચે તંત્ર બેસવા માટેની જગ્યા ફાળવવાનું જ ભૂલી ગયું છે. ભાવનગર જિલ્લામાં એવા દ્રશ્યો સામે આવ્યા છે જેને જોઈને લાગે જ કે બાળકો આંગણવાડીમાં જતા પહેલા મંદિરમાં માથું ટેકાવા જતા હશે. પરંતુ અહીંની વાસ્તવિકતા સાવ અલગ જ છે આખી આંગણવાડી જ મંદિરમાં ચાલી રહી છે, વલભીપુર તાલુકાના ખેતા ટીમ્બી ગામમાં છેલ્લા બે વર્ષથી નાના નાના ભૂલકાઓ તડકા છાયા વચ્ચે પાયાનું શિક્ષણ મેળવી રહ્યા છે.

### પ્રવાસીઓ માટે સારા સમાચાર

# ઉનાળાના વેકેશન માટે GSRTCએ 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરી

### આ યોજના હેઠળ કોઈપણ ગુજરાતી ૪૫૦ થી ૧,૪૫૦ સુધીના ખર્ચે ચાર થી સાત દિવસ માટે ગુજરાતના કોઈપણ ખૂણામાં મુસાફરી કરી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।



ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) એ આગામી ઉનાળાના વેકેશનને ધ્યાનમાં રાખીને મન ફાવે ત્યાં ફરો નામની યોજના રજૂ કરી છે. આ યોજના હેઠળ, કોઈપણ ગુજરાતી ૪૫૦ થી ૧,૪૫૦ સુધીના ખર્ચે ચાર થી સાત દિવસ માટે ગુજરાતના કોઈપણ ખૂણામાં મુસાફરી કરી શકે છે. ગુજરાત એસટી બસની સલામત સવારી એસટીમાં હવે તમે પણ 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો લાભ લઈ શકશો. GSRTCએ આ યોજના અમલમાં મૂકી છે જેથી લોકો રાજ્યભરમાં સરળતાથી મુસાફરી કરી શકશે. મુસાફરો ચાર કે સાત દિવસમાં ગુજરાતના અનેક સ્થળોની મુલાકાત લઈ શકે છે. તમને જણાવી દઈએ કે, આ યોજનામાં લોકલ, એક્સપ્રેસ, ગુર્જરનગરી, લક્ઝરી, સ્લીપર કોચ, એસી કોચ અને વોલ્વો બસો જેવા વિવિધ પ્રકારના સેવાનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યમાં 'મન ફાવે ત્યાં ફરો'યોજના અમલમાં મુકી છે. જેમાં ગુજરાતભરના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવા ઈચ્છતા કોઈપણ વ્યક્તિ માત્ર ૪ થી ૭ દિવસ દરમિયાન માત્ર ૪૫૦થી ૧૪૫૦ રુપિયામાં ગુજરાતના કોઈ પણ ખુણે મુસાફરી કરી શકશે.

GSRTCની આ યોજના મુજબ માત્ર ૪૫૦ રુપિયામાં અઠવાડિયું ગુજરાતના ગમે તે ખુણે મુસાફરી કરી શકશો. GSRTCની આ યોજનાથી પ્રવાસીઓ ખુબ ખુશ જોવા મળી રહ્યા છે.

# દાણીલીમડામાં પતિએ પત્નીને ૩ વાર તલ્લાક બોલીને છૂટાછેડા આપી દીધી

### દાણીલીમડામાં લગ્ન બાદ પતિ પત્ની વચ્ચે નાની-નાની બાબતોમાં તકરાર થતા પતિએ તેની પત્નીને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

દાણીલીમડામાં લગ્ન બાદ પતિ પત્ની વચ્ચે નાની-નાની બાબતોમાં તકરાર થતા પતિએ તેની પત્નીને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તેથી કંટાળીને પરિણીતા તેના પિતાના ઘરે પિયરમાં રહેવા જતી રહી હતી. પરિણીતા પિયરમાં પરિવારજનો અને પાડોશીઓ સાથે પતંગ બનાવી રહી હતી. તે સમયે પતિ આવ્યો અને ઝઘડો કરીને બધાની સામે પત્નીને ત્રણ વખત તલ્લાક બોલીને ત્રિપલ તલ્લાક આપીને જતો રહ્યો હતો. ત્યારબાદ સમાજના આગેવાનો અનેક વખત મામલો થાળે પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો નહીં આવતા આખરે પરિણીત યુવતીએ તેના પતિ વિરુદ્ધ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.દાણીલીમડામાં પરિવાર સાથે રહેતી ૨૫ વર્ષીય ફાતિમા શેખ (નામ બદલેલ છે)ના લગ્ન થોડા વર્ષ અગાઉ દાણીલીમડામાં રહેતા યુવક સાથે પરિવારની મંજૂરીથી થયા હતા.

# સુરતમાં રોકાણના નામે એકાઉન્ટન્ટ સાથે ૭૫.૯૨ લાખની છેતરપિંડી

### પોલીસે આરોપીની સંપત્તિ અને પૈસાનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે તે અંગે વધુ તપાસ શરૂ કરી

। (એજન્સી) સુરત, તા.૨૪ ।



ટેક્સટાઈલ અને હીરા નગરી ગણાતા સુરતમાં એકાઉન્ટન્ટ સાથે ૭૫,૯૨,૩૦૦ની છેતરપિંડી કરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આરોપીએ રોકડ રકમ, ક્રેડિટ કાર્ડ સ્વાઈપિંગ અને બેંક ટ્રાન્સફર દ્વારા પૈસા મેળવી તેનો વ્યાજબી ઉપયોગ કરવાને બદલે પોતાના કામમાં વાપરી નાખ્યા હતા.પોલીસના જણાવ્યા પ્રમાણે કતારગામ ખાતે રહેતા ફરિયાદી ભાવિક બિપીનકુમાર જાટકીયા એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. તેની સાથે ઓમ જયંતિભાઈ પ્રજાપતિની પરિચય થયો હતો. ઓળખ વધાર્યા બાદ ઓમ પ્રજાપતિએ તેને શેરબજાર, ક્રિપ્ટોકરન્સી અને જમીનમાં રોકાણ કરવાના બહાને પૈસા આપવાની સલાહ આપી હતી. આરોપી ઓમે ફરિયાદી પાસેથી ૩૦,૦૦,૦૦૦ રોકડા રૂપિયાની સાથે ક્રેડિટ કાર્ડ સ્વાઈપિંગ અને બેંક ટ્રાન્સફર દ્વારા કુલ ૭૫,૯૨,૩૦૦ મેળવ્યા હતા. આરોપીએ આ રકમનો કોઈપણ પ્રોજેક્ટમાં ઉપયોગ કર્યો ન હતો અને પોતે જ વાપરી નાખ્યા હતા. ફરિયાદીએ જ્યારે પેમેન્ટની માંગણી કરી ત્યારે તેણે બહાનેબાજી કરી હતી.આ મામલે ફરિયાદી દ્વારા ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જે બાદ આર્થિક ગુના નિવારણ શાખાને તપાસ સોપવામાં આવી. ઈકો સેલની ટીમે તપાસ શરૂ કરી અને આરોપી ઓમ જયંતિભાઈ પ્રજાપતિની ધરપકડ કરી હતી. હવે પોલીસે આરોપીની સંપત્તિ અને પૈસાનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## વિશેષ

### વડાપ્રધાનશ્રી એ નારીશક્તિને કેન્દ્ર સ્થાને રાખીને સામાજિક પરિવર્તનનો નવો અધ્યાય રચ્યો છે

# સમૂહ લગ્ન સમારોહ જેવા આયોજનોથી આજે સમાજમાં સહયોગ અને એકતાનો ભાવ સશક્તપણે ઊભો થઈ રહ્યો છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

। (માહિતી બ્યુરો) વડોદરા ।



વાઘોડીયા ખાતે શ્રી વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૧મા સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી બન્યા હતા અને આ સમારોહમાં જોડાયેલા ૫૦૧ નવયુગલોને આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવયુગલોને સુખી અને સમૃદ્ધ લગ્નજીવન માટે અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, આ પ્રકારના સમૂહ લગ્નોત્સવથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ'નો મંત્ર સાકાર થાય છે. સમૂહ લગ્નને સમાજની આજના સમયની સૌથી મોટી જરૂરિયાત ગણાવી મુખ્યમંત્રી શ્રીએ ઉમેર્યું હતું કે, સમૂહ લગ્ન સમારોહના આયોજનથી એ પુરવાર થાય છે કે, આજે સમાજમાં સહયોગ અને એકતાનો ભાવ સશક્તપણે ઊભો થઈ રહ્યો છે. તેમણે વધુ ને વધુ લોકો સમૂહ લગ્નોત્સવમાં જોડાય તેવો અનુરોધ કરતા જણાવ્યું હતું કે, આ લગ્નોત્સવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌના સાથ, સૌના વિકાસની' ભાવના અને સમરસતાનો ધ્યેય પણ પાર પાડે છે. આવા સુંદર આયોજનથી ધારાસભ્ય શ્રી વાઘેલાએ એક જન પ્રતિનિધિ તરીકે સામાજિક દાયિત્વનું પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતું. સમૂહ લગ્નોત્સવથી સમાજમાં સંપ, એકતા, ભાઈચારો અને અવિરત જનસેવાની ભાવના વિકસશે તેમજ રાજ્ય અને રાષ્ટ્રના વિકાસની ગતિને પણ વેગ મળશે, તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રી એ નારીશક્તિને કેન્દ્ર સ્થાને રાખીને સામાજિક પરિવર્તનનો નવો અધ્યાય રચ્યો છે. એમણે 'બેટી બચાવો, બેટી ભણાવો' અભિયાન શરૂ કરાવીને દિકરીઓ અને મહિલાઓના સામાજિક, શૈક્ષિણક અને આર્થિક સશક્તિકરણ માટે ઘણી મહત્વપૂર્ણ નીતિઓ અને યોજનાઓ આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે દિકરીઓની બાલ્યાવસ્થાથી વૃદ્ધ અવસ્થા સુધી જીવનના દરેક તબક્કે મદદરૂપ થવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે, તેમ જણાવી શ્રી પટેલે દીકરીઓ અને મહિલાઓ માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી આર્થિક મદદ કરતી હોવાનું ઉમેર્યું હતું. ગુજરાતમાં માત્ર આર્થિક પ્રગતિ જ નથી થઈ, પરંતુ સમાજના તમામ વર્ગોનું પણ ઉત્થાન થયું છે. તેમ જણાવી શ્રી પટેલે ગુજરાતને સાંસ્કૃતિક પ્રેમી અને સામાજિક એકતાને ઉજાગર કરનારું રાજ્ય ગણાવ્યું હતું. સમૂહ લગ્નોત્સવને પ્રોત્સાહન આપવા માટે સાત ફેરા સમૂહ લગ્ન, પાલક માતા-પિતા યોજના, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, કુંવરબાઈનું મામેરું યોજના જેવી યોજનાઓ થકી સરકાર આર્થિક મદદ કરે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિના સામર્થ્યથી રાષ્ટ્રના વિકાસ પર ભાર મૂક્યો છે, ત્યારે આપણે સવાશક્તિના સથવારે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનું નિર્માણ કરવું છે. વિકસિત ભારત માટે વડાપ્રધાનશ્રીએ સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશા આપી છે. આ માટે તેમણે એક પેડ માં કે નામ, કેચ ધ રેઈન અને સ્વચ્છ ભારત જેવા અભિયાનો શરૂ કરાવ્યા છે. આ નવદંપતીઓ અને ઉપસ્થિત સૌ ઉત્સાહપૂર્વક આ અભિયાનોમાં સહભાગી થઈને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવે તેવી શ્રી પટેલે અભ્યર્થના કરી હતી. આ પ્રસંગે વાઘોડિયાના ધારાસભ્ય અને શ્રી વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના શાબ્દિક સ્વાગતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરીને વાઘોડિયા તાલુકા અને વાઘોડીયા નગરપાલિકાના વિકાસકાર્યોની વાત કરી હતી. વાઘોડિયા તાલુકાને નગરપાલિકા બનાવવા સાથે એક વર્ષમાં કુલ રૂ. ૨૫૦ કરોડ કરતા વધુની ગ્રાન્ટ ફાળવવા બદલ તેમણે વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે મુખ્યમંત્રી શ્રીએ છ માર્ગીય રોડની મંજૂરી, રસ્તાઓ અને ડ્રેનેજ વ્યવસ્થા માટે ફાળવેલી ગ્રાન્ટનો ઉલ્લેખ કર્યો હતો. વલ્લભાધીશ આચાર્ય શ્રી વ્રજરાજ મહારાજે સમૂહ લગ્નના ભવ્ય, દિવ્ય આયોજન વિશે પ્રસન્નતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવા સર્વસમાજ સમૂહલગ્નો આજના સમયની તાતી જરૂરિયાત છે. આજે ૧૧મો સમૂહ લગ્ન થઈ રહ્યો છે, ત્યારે ધારાસભ્યશ્રીની આગેવાનીમાં શ્રી વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ ૫૧મો સર્વજ્ઞાતિય સમૂહલગ્નનો સંકલ્પ પૂર્ણ કરે તેવી પ્રેરણા આપી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




ઓડિશામાં ભગવાન નીલમાધબ મંદિરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એ પૂજા-અર્ચના કરી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## પતિની હત્યારી મુસ્કાન જેલમાં ડ્રગ્સ વગર તડપી રહી છે

। (એજન્સી) મેરઠ, તા.૨૪ ।

પૂર્વ મર્ચન્ટ નેવી ઓફિસર પતિ સૌરભ રાજપુતની મેરઠમાં તેની પત્ની મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાએ ઘાતકી રીતે હત્યા કરી હતી, મુસ્કાન અને સાહિલ બન્ને હત્યારા હાલ મેરઠની જેલમાં કેદ છે. બન્નેને ડ્રગ્સ અને ગાંજાનો નશો કરવાની ટેવ હોવાથી હાલ જેલમાં તેના વગર તડફડિયા મારી રહ્યા છે. મુસ્કાલ હાલ ડ્રગ્સના ઈન્જેક્શનની માગ કરી રહી છે. જ્યારે એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે મુસ્કાનનો પ્રેગ્નેન્સી ટેસ્ટ કરવામાં આવી શકે છે. જ્યારે મેરઠની જેલના વરીષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે પતિની હત્યાની આરોપી મુસ્કાન અને સાહિલને જેલમાં મળવા કોઈ નથી આવ્યું, કોઈ વકીલ સામે ચાલીને તેમનો કેસ લડવા પણ તૈયાર નથી. આ સ્થિતિ વચ્ચે મુસ્કાને સરકારી વકીલ આપવાની માગણી કરી છે. બન્ને હાલ જેલમાં નશીલા પદાર્થો ના મળતા નશો ઉતરી રહ્યાની સમસ્યામાંથી પસાર થઈ રહ્યા છે. કોર્ટે બન્નેને ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલવા આદેશ કર્યો તે બાદથી મેરઠની ચરણસિંહ જેલમાં તેઓ કેદ છે. જેલ પ્રશાસનના સુત્રોએ જણાવ્યું હતું કે હાલ બન્ને આરોપીઓની હાલત નશા વગર ખરાબ થઈ ગઈ છે, મુસ્કાન અને સાહિલ રાત્રે યોગ્ય રીતે ઉંઘી નથી શકતા, સાથે જ ખાવા અને પીવાની પણ ના પાડી દીધી છે. હાલ ડોક્ટરો તેમની ચકાસણી કરી રહ્યા છે અને ડ્રગ્સ વિડ્રોવલ સિન્ડ્રોમ્સનો સામનો કરવા માટે દવા આપી રહ્યા છે. જેલના સુપ્રિટેન્ડન્ટ વિરેશ રાજ શર્માએ કહ્યું હતું કે સાહિલ અને મુસ્કાન વર્ષોથી ડ્રગ્સ લેતા હતા.

## આઇઆઇટી, ગુવાહાટીએ સરહદો પર એઆઇથી સર્વેલન્સ માટે રોબોટ બનાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ગુવાહાટીના શોધકર્તાઓએ આંતરરાષ્ટ્રીય સરહદો પર નજર રાખવા માટે એડવાન્સ્ડ રોબોટ વિકસિત કર્યા છે જે પડકારજનક અને અંતરિયાળ વિસ્તારોમાં એઆઇ સંચાલિત સમીક્ષા અને વાસ્તવિક સમયમાં સમીક્ષા પ્રદાન કરશે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આઈઆઈટી, ગુવાહાટી દ્વારા સંચાલિત સ્ટાર્ટઅપ 'ધ સ્પેટિયો લેબોરેટરી પ્રાઈવેટ લિમિટેડ' (ડીએસઆરએલ) દ્વારા વિકસિત રોબોટને ભારતના સંરક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એકીકરણની તેમની ક્ષમતા માટે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન તરફથી પણ માન્યતા મળી છે. ભારતીય સેના અગાઉથી જ સર્વેલન્સ સિસ્ટમ માટે ફીલ્ડ પરિક્ષણ કરી રહી છે. ડીએસઆરએલના સીઈઓ અર્નબ કુમાર બર્મનના અનુસાર પારંપરિક સુરક્ષા ઉપાયોની વિરુદ્ધ (જે ડ્રોન, સ્થિર કેમેરા, પગપાળા અને વાહન પેટ્રોલિંગ પર નિર્ભર કરે છે) આ સ્વાયત રોબોટિક સિસ્ટમ જમીન અને હવામાન પર વિજય પ્રાપ્ત કરે છે. બર્મનના જણાવ્યા અનુસાર આ સિસ્ટમ સરહદ સુરક્ષા, મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા અને વ્યૂહાત્મક સંરક્ષણ પ્રયોગોમાં મહત્ત્વપૂર્ણ ઘટક સાબિત થનારી છે.

### કુણાલ કામરા જ્યાં મળી જશે, ત્યાં મારીશું...

# એકનાથ શિંદેને ગદ્દાર કહેવાના વિવાદમાં નિલેશ રાણેની ધમકી

### શિવસેનાના નેતા સંજય નિરૂપમે પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, કાલે ૧૧ વાગ્યે કુણાલ કામરાની ધોલાઈ કરીશું

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર ટીપ્પણી કરવા બદલ કોમેડિયન કુણાલ કામરા વિવાદોમાં ફસાયો છે. શિવસેનાના કાર્યકારો અને નેતાઓએ સ્ટુડિયો અને હોટલમાં તોડફોડ મચાવી હતી. શિવસેનાના નેતાઓ અને ધારાસભ્યો પણ આ લડાઈમાં મેદાનમાં ઉતર્યા છે. કુણાલ કામરાને ખુલ્લેઆમ ધોલાઈ કરવાની ધમકીઓ આપી રહ્યા છે. હાલમાં જ ધારાસભ્ય નિલેશ રાણેએ પણ કામરાને ધમકી આપી છે કે, કામરા જ્યાં પણ દેખાય તેને માર મારવામાં આવે. શિવસેનાના નેતા સંજય નિરૂપમે પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, કાલે ૧૧ વાગ્યે કુણાલ કામરાની ધોલાઈ કરીશું. ત્યારબાદ ધારાસભ્ય નિલેશ રાણેએ પણ જણાવ્યું છે કે, અમે કુણાલ કામરા જ્યાં પણ મળશે તેની ધોલાઈ કરીશું. નિલેશ રાણે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેના




પુત્ર અને હાલની મહાયુતિ સરકારમાં ધારાસભ્ય છે. તે ૨૦૧૯થી ૨૦૨૪ સુધી ભાજપમાં સામેલ હતા. બાદમાં હાલમાં જ યોજાયેલી મહારાષ્ટ્ર ચૂંટણી દરમિયાન શિવસેનામાં જોડાયા હતા. શિવસેના તરફથી ચૂંટણી લડનારા નિલેશ રાણેએ કુડાલ બેઠક પરથી ૮૧૭૬ મતોના માર્જિન સાથે જીત મેળવી હતી. સ્ટેન્ડઅપ કોમેડિયન કુણાલ કામરાએ એક હોટલમાં કોમેડી કરતી વખતે શિવસેનાના અધ્યક્ષ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર કટાક્ષ કરતાં ગીત પર પૅરડી બનાવી હતી. જેમાં તેણે શિંદે પર આકરા પ્રહારો કર્યા હતા. આ પૅરડી સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિવસેનાના કાર્યકારો રોષે ભરાયા હતા. શિવસૈનિકો નારાજ થયા હતા અને તેમણે રવિવારે મુંબઈના ખાર વિસ્તારમાં સ્થિત સ્ટુડિયો અને હોટલ યુનિકોન્ટિનેન્ટલમાં તોડફોડ કરી હતી. શિવસૈનિકોએ દાવો કર્યો છે કે, આ સ્ટુડિયોમાં કુણાલનો વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. શિંદે સેનાના ધારાસભ્ય મુરાજી પટેલે એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કુણાલ કામરા વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવી છે.

### BMCએ હેબિટેટ સ્ટુડિયો પર હથોડો ઝીંક્યો

# કુણાલ કામરા વિવાદમાં પાડાના વાંકે પખાલીને ડામ

### આ સ્ટુડિયોનો એક હિસ્સો તોડી પડાયો છે : આ સ્ટુડિયોમાં જ કોમેડિયન કુણાલ કામરાનો વિવાદિત શો થયો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર સ્ટેન્ડઅપ કોમેડિયન કુણાલ કામરાના નિવેદનથી રાજકારણ ગરમાયું છે. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના અધિકારીઓએ મુંબઈના હેબિટેટ સ્ટુડિયો પર કાર્યવાહી હાથ ધરી છે. આ સ્ટુડિયોનો એક હિસ્સો તોડી પડાયો છે. આ સ્ટુડિયોમાં જ કામરાનો વિવાદિત શૉ થયો હતો, જેમાં તેણે શિંદેને ગદ્દાર કહેતા મામલો ગરમાયો હતો. આ વિવાદ બાદ હેબિટેટ સ્ટુડિયોએ નિવેદન જાહેર કરી અસ્થાયી ધોરણે સ્ટુડિયો બંધ કર્યો હતો. યુનિકોન્ટિનેટલ હોટલમાં આવેલા હેબિટેટ સ્ટુડિયોએ જણાવ્યું હતું કે, કલાકાર પોતાના વિચારો અને રચનાત્મક વિકલ્પો માટે પોતે જવાબદાર છે. અને અમે ક્યારેય તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા કન્ટેન્ટમાં સંડોવાયેલા નથી. પરંતુ હાલની ઘટનાઓએ અમને ફરી વિચારવા મજબૂર કર્યા છે કે, કેવી રીતે




અમને વારંવાર દોષિત ઠેરવવામાં આવી રહ્યા છે. અમે કલાકારના પ્રતિનિધિ હોઈએ એ રીતે અમારા પર હુમલો થી રહ્યો છે. જ્યાં સુધી અમે પોતે અને પોતાની સંપત્તિને જોખમમાં મૂક્યા વિના મુક્ત અભિવ્યક્તિ માટે એક મંચ પ્રદાન કરવાની રીત શોધી ન કાઢીએ ત્યાં સુધી અમે સ્ટુડિયો બંધ રાખીશું. કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર વિવાદસ્પદ પૅરડી બનાવી લોકો સમક્ષ રજૂ કરી હતી. જેમાં શિંદેને ગદ્દાર કહીને સંબોધ્યા હતા. શિંદે પર આકરા પ્રહારોથી શિવસેના રોષમાં આવી હતી. તેઓએ રવિવારે મુંબઈના ખાર વિસ્તારમાં સ્થિત સ્ટુડિયો અને હોટલ યુનિકોન્ટિનેન્ટલમાં તોડફોડ કરી હતી. શિવસૈનિકોએ દાવો કર્યો હતો કે, આ સ્ટુડિયોમાં કુણાલનો વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. શિંદે સેનાના ધારાસભ્ય મુરાજી પટેલે એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કુણાલ કામરા વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવી છે.

### ભડકાઉ ભાષણના કેસમાં જેલમાં

# નાગપુર હિંસાના માસ્ટરમાઇન્ડ ફહીમ ખાનના ઘર પર બુલડોઝર ફેરવાયું

### ૩૮ વર્ષીય ફહીમખાન ૨૧ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં

। (એજન્સી) નાગપુર, તા.૨૪ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં ગત સોમવારે ઔરંગઝેબની કબરને હટાવવાને લઈને ફાટી નીકળેલી હિંસામાં માસ્ટરમાઈન્ડ ફહીમ શમીમ ખાનના ઘર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. તેના ઘરનો ગેરકાયદેસર ભાગ બુલડોઝર વડે તોડી પાડવામાં આવ્યો છે. ઘર ફહીમની પત્નીના નામે નોંધાયેલું છે. આ ઘર ૮૬.૪૮ ચોરસ મીટરમાં બનેલ છે. ફહીમની મોમીનપુરા વિસ્તારમાં બુરખાની દુકાન છે. આરોપ છે કે ફહીમે લોકોને ઉશ્કેરીને ભીડ એકઠી કરી હતી. કોર્ટે તેને ૨૧ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. પોલીસે દાવો કર્યો છે કે મુખ્ય આરોપી ૩૮ વર્ષીય ફહીમ શમીમ ખાન આ રમખાણને ઉશ્કેરવામાં સામેલ હતો. શમીમ લઘુમતી ડેમોક્રેટિક પાર્ટી (MDP)ના નાગપુર શહેરનો પ્રમુખ છે. મળતી માહિતી મુજબ, મહાનગરપાલિકાએ તેમને જાતે



જ ગેરકાયદે બાંધકામ દૂર કરવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો હતો જે પૂર્ણ થઈ ગયો છે પરંતુ તેમણે બાંધકામ હટાવ્યું ન હતું. આ પછી હવે ઘર પર બુલડોઝર ચલાવવામાં આવ્યું છે. આ કાર્યવાહી ત્યારે કરવામાં આવી રહી છે જ્યારે ૧૭ માર્ચે રમખાણો બાદ શહેરમાં લાદવામાં આવેલ કર્ફ્યુ હટાવી લેવામાં આવ્યો છે. નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન સંજય બાગ કોલોનીમાં ફહીમ ખાનનું બે માળનું મકાન છે, જેને આજે તોડી પાડવામાં આવ્યું છે. આ પહેલીવાર હશે જ્યારે NMCએ રમખાણોના આરોપીની મિલકત પર આવી કાર્યવાહી કરી અને ગેરકાયદે બાંધકામને બુલડોઝ ફેરવ્યું હોય.

### કાળજું કંપાવનારી ઘટના

# કાનપુરમાં પિતાના આઘાતમાં પુત્રને અચાનક હાર્ટએટેક આવ્યો

### પિતાના મોતનું દુઃખ સહન ન થતાં પુત્રને હાર્ટઅટેક આવ્યો

। (એજન્સી) કાનપુર, તા.૨૪ ।

કાનપુરમાં પિતાના મોત પર આઘાત લાગતાં પુત્રનું પણ મોત થતાં માહોલ ગમગીન બન્યો હતો. એક જ પરિવારમાં એકસાથે બે જણના મોતથી કાનપુરના ચમનગંજમાં શોકાતુરની લાગણી છવાઈ હતી. પિતાના મૃત્યુ બાદ તેમના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ઘરે લઈ જતી વખતે પુત્ર બાઈક પર પાછળ આવી રહ્યો હતો. ત્યારે પિતાના મોતનું દુઃખ સહન ન થતાં પુત્રને રસ્તામાં જ હાર્ટઅટેક આવ્યો હતો. બાળકનો તેના પિતા પ્રત્યેનો આવો પ્રેમ જોઈ સૌ કોઈની આંખો ભીની થઈ હતી. કાનપુરના ચમનગંજના રહેવાસી લઈક અહેમદની તબિયત લથડી હતી. જેના લીધે તેમને પ્રાઈવેટ નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવાર અહેમદના મૃતદેહને ઘરે લાવી રહ્યો હતો. તે સમયે લઈક અહેમદનો પુત્ર અતિક એમ્બ્યુલન્સની પાછળ બાઈક લઈને



આવી રહ્યો હતો. પિતાના મોતનો આઘાત લાગતાં અતિકને અચાનક હાર્ટઅટેક આવ્યો અને બાઈક પરથી નીચે પડી ગયો. જેમાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. લઈકનો દીકરો અતિક તેના પિતાને ખૂબ પ્રેમ કરતો હતો, નર્સિંગ હોમે પિતાનું મોત થયુ હોવાની જાણ કરી હોવા છતાં અતિક સ્વીકારવા તૈયાર ન હતો કે, તેના પિતા હવે દુનિયામાં રહ્યા નથી. તે તુરંત જ પિતાને કાર્ડિયોલોજી હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યાં ડોક્ટરે પણ લઈકને મૃત જાહેર કર્યો હતો. પિતાના મોતથી અતિક આઘાતમાં સરી પડ્યો હતો. અતિક તેના સંબંધી સાથે બાઈકમાં પાછળ બેસી ઘરે આવી રહ્યો હતો.

**તમીમ ઈકબાલને હાર્ટ એટેક આવ્યો**

## એક દિગ્ગજ ક્રિકેટરને મેચ દરમિયાન છાતીમાં દુખાવો




। (એજન્સી) ઢાકા, તા.૨૪ ।

બાંગ્લાદેશના પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલને સોમવારે ઘરેલુ ક્રિકેટ મેચ દરમિયાન છાતીમાં દુખાવો થયો હતો અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ૩૬ વર્ષીય તમીમ ઈકબાલ ઢાકા પ્રીમિયર ડિવિઝન ક્રિકેટ લીગમાં ૫૦ ઓવરની મેચમાં મોહમ્મડન સ્પોર્ટિંગ ક્લબનું નેતૃત્વ કરી રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. તમીમ ઈકબાલે મેચ પહેલા ટોસમાં ભાગ લીધો હતો, પરંતુ બાદમાં છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવતા પહેલા મેદાન પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના ચીફ ડૉક્ટર દેબાશિષ ચૌધરીએ કહ્યું, તેણે છાતીમાં દુખાવાની ફરિયાદ કરી અને તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેની તપાસ કરવામાં આવી અને ઈસીજી કરવામાં આવ્યું. પ્રથમ બ્લડ ટેસ્ટના રિપોર્ટમાં આ સમસ્યા સામે આવી છે. તેણે તમીમ ઈકબાલ કહ્યું કે તે અસ્વસ્થતા અનુભવી રહ્યો છે અને ઢાકા પરત જવા માંગે છે. ટીમના અધિકારી તારીકુલ ઈસ્લામે જણાવ્યું હતું કે, તેની ઢાકાની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને બાંગ્લાદેશી જનતાને તેના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરવા આગ્રહ કરવામાં આવ્યો છે. સમજી શકાય છે કે તમીમ ઈકબાલનું ઓપરેશન કરવામાં આવી રહ્યું છે અને તેના હૃદયમાં એક સ્ટેન્ટ મૂકવામાં આવશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે તેની સુનિશ્ચિત બોર્ડ મીટિંગ રદ કરી છે, જેમાં બોર્ડના ઘણા સભ્યો હોસ્પિટલમાં તમીમ ઈકબાલની મુલાકાતે આવ્યા હતા. તમીમ ઈકબાલે ૨૦૦૭ થી ૨૦૨૩ સુધી તમામ ફોર્મેટમાં બાંગ્લાદેશ માટે ૩૯૧ મેચ રમી છે. તમીમ ઈકબાલે ૧૫,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે અને તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર એકમાત્ર બાંગ્લાદેશી બેટ્સમેન છે.

# જસ્ટિસ વર્માને અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા મંજૂરી

### સુપ્રીમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં વર્માની અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર મામલે સહમતિ દર્શાવવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

સુપ્રીમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં દિલ્હી હાઈકોર્ટના વિવાદિત જજ યશવંત વર્માની અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર મામલે સહમતિ દર્શાવવામાં આવી છે. યશવંત વર્મા હાલ તેમના ઘરની બહારથી મોટા પ્રમાણમાં રોકડ મળી આવતાં વિવાદોમાં છે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર જારી નોટિફિકેશન અનુસાર, જસ્ટિસ વર્માની બદલીનો નિર્ણય કોલેજિયમની પાછલી બેઠકમાં જ લેવાયો હતો. આ નિર્ણય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. આગામી એક-બે દિવસમાં સરકાર આ મામલે અંતિમ નિર્ણય લેશે. જો કે, અલાહાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશને



આ નિર્ણયનો વિરોધ નોંધાવ્યો છે. દિલ્હી હાઈકોર્ટે ઘરમાંથી મળી આવેલી બેનામી રોકડના ઘટસ્ફોટ બાદ જસ્ટિસ વર્માને ન્યાયિક કામગીરીમાંથી દૂર કરાયા હતાં. જો કે, સુપ્રીમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં તેમની બદલીનો નિર્ણય લેવાઈ ચૂક્યો હોવાથી તેમને વિવાદો વચ્ચે અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરવામાં આવી છે. બીજી તરફ અલાહાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશને દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્મા પર મૂકાયેલા ગંભીર આરોપ ોના સંદર્ભમાં મહાભિયોગની માગ કરી હતી. મહાભિયોગ એ એક પ્રક્રિયા છે જેના દ્વારા કાયદાકીય સંસ્થા અથવા અન્ય કાયદેસર રીતે રચાયેલ ટ્રિબ્યુનલના જાહેર અધિકારી સામે ગેરવર્તણૂક અને આરોપો વિરૂદ્ધ તપાસ અને કાર્યવાહી હાથ ધરાય છે. રાજકીય અને કાનૂની બંને ઘટકોને સમાવિષ્ટ કરતી તપાસ પ્રક્રિયા છે. અલાહાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશનની જનરલ બોર્ડ મિટિંગમાં કુલ ૧૧ પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં એક પ્રસ્તાવમાં જસ્ટિસ વર્માની અલાહાબાદ હાઈકોર્ટમાં બદલી અટકાવવાની માગ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ કરવામાં આવી હતી. તેઓએ કહ્યું કે, અલાહાબાદ હાઈકોર્ટને ડમ્પિંગ ગ્રાઉન્ડ બનાવી શકાય નહીં. બાર એસોસિએશને જસ્ટિસ વર્મા વિરૂદ્ધ મૂકાયેલા આરોપો પર સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ કરાવવાની માગ કરી છે. તેમજ જો આવશ્યક હોય તો જસ્ટિસ વર્માને સીજેઆઈની મંજૂરી સાથે કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવા પણ ભલામણ કરાઈ છે. વધુમાં એસોસિએશને સુપ્રીમ કોર્ટની આંતરિક તપાસ પ્રક્રિયાને અસ્વીકાર્ય ગણાવી છે.

## તંત્રી લેખ...

# ચીનની સેનાનું વધુ આધુનિક બનવું ભારત માટે જોખમી


ચીનની સેના પીપલ્સ લિબરેશન આર્મીએ ચીનમાં તૈયાર કરાયેલા એઆઇ ડીપસીકનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધુ છે. યુદ્ધ સિવાયની કામગીરી જેવી કે સૈન્ય હોસ્પિટલ વગેરેમાં આ એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે, સેનામાં સેવા આપતા ડોક્ટરો આ એઆઈનો ઉપયોગ કરી રહ્યા છે. આ ઉપરાંત અન્ય મહત્વના ક્ષેત્રોમાં પણ ચીન દ્વારા એઆઈનો ઉપયોગ વધારી દેવાયો છે. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ દ્વારા આ ખુલાસો કરવામાં આવ્યો હતો, જેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે સેનાની હોસ્પિટલો ઉપરાંત પીપલ્સ આર્મ્ડ પોલીસ અને નેશનલ ડિફેન્સ મોબિલાઈઝેશન ઓર્ગન્સ વગેરેમાં ડીપસીકનો ઉપયોગ વધી રહ્યો છે. અગાઉ પીએલએ સેન્ટ્રલ થીએટર કમાન્ડની જનરલ હોસ્પિટલે જાહેરાત કરી હતી કે તેણે ડીપસીકના લાર્જ લેંગ્વેજ મોડયૂલ્સ (એલએલએમ)ને મંજૂરી આપી છે. જેની મદદથી ડોક્ટરોના સારવારના જ્ઞાનમાં વધારો થશે. ખુદ સેનાની બેજિંગ સ્થિત જનરલ હોસ્પિટલમાં પણ ડીપસીકનો ઉપયોગ થવા લાગ્યો છે. અગાઉ ચીનની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે એઆઈનો ઉપયોગ એક ટૂલ તરીકે થવો જોઈએ પરંતુ યુદ્ધ ભૂમિ પર એઆઈનો ઉપયોગ ટાળવો જોઈએ કેમ કે તેની પાસે તેની પાસે સેલ્ફ અવેરનેસ ક્ષમતા ઓછી હોય છે. ચીનનું એઆઇ ડીપસીક સૌથી સસ્તુ માનવામાં આવે છે. જેને પગલે તે હાલ ચેટજીપીટીનું સ્થાન લેવા લાગ્યું છે. એટલુ જ નહીં એપલની એપસ્ટોર પર હાલ ટોચના સ્થાને પહોંચી ગયું છે. ચીન માત્ર સેના જ નહીં હાલ ચીન સ્વાસ્થ્ય, મેન્યુફેક્ચરિંગ, શહેરી વિકાસ, કેટલીક સરકારી એજન્સીઓમાં પણ તેનો ઉપયોગ વધારી રહ્યું છે. ચીને આ વખતે સંરક્ષણ બજેટમાં વધારો કર્યો છે અને તેને અત્યંત આધુનિક બનાવવાની દિશા તરફ કામ કરી રહ્યું છે. ચીની સેનાનું વધુ આધુનિક બનવું ભારત માટે જોખમકારક સાબિત થઈ શકે છે.

## નીતિ આયોગ દ્વારા ગિફ્ટ સિટીમાં 'ભારતીય નવીનતા ઇકોસિસ્ટમમાં સહસંયોજનનું નિર્માણ' વિષય પર રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરાયું

ભારતના નવીનતા ક્ષેત્રને મજબૂત બનાવવા માટે એક સીમાચિહ્નરૂપ પહેલ તરીકે, ૨૨ માર્ચ ૨૦૨૫ના રોજ ગુજરાતના ગાંધીનગર સ્થિત GIFT સિટી ખાતે "ભારતીય નવીનતા ઈકોસિસ્ટમમાં સિનર્જીનું નિર્માણ" વિષય પર રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પરિષદનું આયોજન નીતિ આયોગ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), DST, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય સરકારી અધિકારીઓ, શૈક્ષણિક નેતાઓ, ઔદ્યોગિક નિષ્ણાતો, સ્ટાર્ટઅપ સ્થાપકો અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સહિત મુખ્ય હિસ્સેદારો વચ્ચે સંવાદ અને જ્ઞાન વહેંચણીને સરળ બનાવવાનો હતો. વિવિધ ક્ષેત્રોમાં સિનર્જીને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ કાર્યસૂચિ સાથે, આ કાર્યશાળામાં સંશોધન અને વિકાસ રોકાણો, નવીનતા પર રાજ્ય નીતિઓ, વૈશ્વિક નવીનતા વલણો અને પાયાના ઉદ્યોગસાહસિકતા જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં નીતિ આયોગના સભ્ય (વિજ્ઞાન અને ટેકનોલોજી) ડૉ. વી. કે. સારસ્વત અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મુખ્ય સચિવ શ્રીમતી મોના ખંધાર ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીએ વર્કશોપના મહત્વ પર ભાર મૂક્યો અને નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને ટેકનોલોજીકલ પ્રગતિ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી હતી. પોતાના ઉદ્ઘાટન ભાષણમાં, ડૉ. વી.કે. સારસ્વતે ભારતના નવીનતા ક્ષેત્રને આગળ ધપાવવામાં સરકારી સંસ્થાઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગ વચ્ચે સહયોગની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે અનુવાદાત્મક સંશોધન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી જે અર્થપૂર્ણ નવીનતાને પ્રોત્સાહન આપે છે અને અસરકારક સ્ટાર્ટઅપ્સ બનાવે છે, જે નવીનતા તરફ વૈશ્વિક પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. ડૉ. સારસ્વતે ડીપટેક સ્ટાર્ટઅપ્સને સમર્થન આપવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો અને ભારતને સેવા-આધારિતથી ઉત્પાદન-આધારિત ઉદ્યોગ મોડેલમાં બદલાવ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વધુમાં, ડૉ. સારસ્વતે દેશભરમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને વધારવા માટે રચાયેલ મુખ્ય સરકારી પહેલોમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી છે. શ્રીમતી મોના ખંધાર, IAS, એ નીતિગત પહેલો દ્વારા સંચાલિત મજબૂત નવીનતા ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાની ગુજરાતની પ્રતિબદ્ધતા વિશે વાત કરી હતી. તેમણે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા નીતિ, ગુજરાત સેમીકન્ડક્ટર નીતિ, ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ નીતિ અને ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) નીતિ સહિત વિવિધ વ્યૂહાત્મક નીતિઓ દ્વારા સ્ટાર્ટઅપ અને નવીનતા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારના સમર્પણ પર પ્રકાશ પાડ્યો હતો. વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) ના ડો. સાચા વુન્શ-વિન્સેન્ટે ભારતની અનોખી વિકાસ યાત્રા માટે આગામી ૧૦ વર્ષ માટેના કાર્ય મુદ્દાઓની રૂપરેખા આપી હતી. તેમણે વધુમાં કહ્યું કે, ભારતનો IP પ્રોફાઈલ નાનો છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેમાં વધારો થયો છે, ભારતીય મૂળના પેટન્ટ ફાઈલિંગમાં વધારો થયો છે અને દેશ નજીકના ભવિષ્યમાં વધુ S&T ક્લસ્ટર ઉમેરશે. આ વર્કશોપમાં નવીનતા અને ટેકનોલોજી ક્ષેત્રના પ્રખ્યાત નેતાઓના નેતૃત્વમાં અનેક ઈન્ટરેક્ટિવ ચર્ચાઓ યોજાઈ હતી. "ભારત ઈનોવેટ્સ: ઓવરવ્યૂ ઓફ ધ નેશનલ ઈનોવેશન ઈકોસિસ્ટમ" વિષય પરના સત્રમાં નવીનતા-મૈત્રીપૂર્ણ ભારત બનાવવા માટેની વ્યૂહરચનાઓની શોધ કરવામાં આવી હતી, જેનું સંચાલન અટલ ઈનોવેશન મિશનના ભૂતપૂર્વ એમડી ડૉ. આર. રામનન દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ "નવાચાર નીતિ અને રાજ્ય યોજનામાં: શ્રેષ્ઠમાંથી શીખવું" વિષય પર એક સત્ર યોજાયું હતું, જેમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય-સ્તરીય પહેલો અને શ્રેષ્ઠ પ્રથાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેની અધ્યક્ષતા ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના NCSTCના વડા ડૉ. રશ્મિ શર્માએ કરી હતી. એક અન્ય જ્ઞાનવર્ધક સત્ર, "નવચાર કે સારથી: પાયોનિયરિંગ ઈનોવેશન્સ"માં ગ્રાસરૂટ ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સની પ્રેરણાદાયી વાર્તાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

**આજે ફાગણ વદ અગિયારસ છે, આ અગિયારસને પાપમોચીની અગિયારસ કહેવામાં આવે છે, આ અગિયારસ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે**

# ફાગણ વદ એકાદશી એટલે કે પાપ મોચિની એકાદશીનું મહાત્મ્ય જાણીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સાંપ્રત સમયમાં તો પાપ પુણ્યની કોઈ સ્પષ્ટ વિભીશિકા થઈ શકે તેમ નથી કે, આ પાપ! અને આ પુન્ય,! કારણ કે દરેકના ચરિત્ર કોઈને કોઈ રીતે ખંડિત થયા છે, સમાજમાં જે કંઈ કર્મ થઈ રહ્યું છે, એ પણ શુદ્ધ આશયથી થતું નથી, ક્યાંક દંભ છે, ક્યાંક છલ છે, તો ક્યાંક પદ પ્રતિષ્ઠાનો મોહ છે, ક્યાંક અહમ છે, તો ક્યાંક દેખાદેખી, કે ઈર્ષા નિંદા છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ફાગણ ઉતરવાને આરે છે, અને ચૈત્રીનાં પડઘમ વાગી રહ્યા છે. એટલે કે વસંતના યૌવનનું હવે એક ગંભીરતા તરફ પ્રયાણ થઈ રહ્યું છે! એમ કહી શકાય. યુવાનીના ઉન્માદને જો યોગ્ય દિશા મળે, તો એ પરિણામદાઈ કાર્ય કરે, જે સર્વ જન હિતાય હોય, અને જો યોગ્ય દિશામાં તેનું પદાર્પણ ન થાય તો એ પતનના માર્ગે જાય, અને આગળ જતાં પોતાનું તથા અન્યનું પણ પતન કરી શકે, અને અન્યના પતનનું વિચારવું એ પાપ છે. આજે ફાગણ વદ અગિયારસ છે, આ અગિયારસને પાપમોચીની અગિયારસ કહેવામાં આવે છે. આ અગિયારસ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. સદીઓ પહેલા માંધાતા નામનો એક રાજા થઈ ગયો અને રાજા એ સમયના ઋષિ એવા લોમેશ ઋષિને તે પૂછે છે, કે હે ઋષિવર જાણે અજાણે થતા પાપ કર્મમાંથી મુક્તિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? જવાબમાં ઋષિ તેને જણાવે છે કે સદીઓ પૂર્વે ચૈત્રરથ નામના વનમાં કિન્નરો અને ગંધર્વ કન્યાઓ કિંકરો સાથે પોતાના વાદ્ય ને બાંધીને વીણા વગાડીને આ વનમાં વિહાર કરતા અને નૈસર્ગિક આનંદ પ્રાપ્ત કરતા. ઘણી વાર અપ્સરાઓ પણ આ વનમાં વિહાર કરવા આવતી હતી. આ વનમાં રહીને મુનિવર મેધાવી પોતાની સાધના માટે તપ કરી રહ્યા હતાં, અને તેઓ પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. આ વનમાં મંજુઘોષા નામની એક અપ્સરા મેધાવી મુનિ તરફ આકર્ષિત થઈને આવી. પરંતુ એના તપના તેજ આગળ તે એની અત્યંત નજીક જઈ શકી નહીં, અને થોડી દૂર રહી કે પોતાના વાદ્ય સંગીતથી મુનિને આકર્ષિત કરવા કોશિશ કરી રહી હતી. ઘણો લાંબો સમય સુધી તેણે પોતાના ગીત સંગીતથી મુનિને પ્રભાવિત કરવાની કોશિશ કરી અને એક દિવસ સાચે જ મુનિવાર તેની પાસે આવ્યાં અને તેનું રૂપ જોઈ અકારણ મોહિત થઈ ગયાં. મુનીવરનું બ્રહ્મચર્ય તૂટ્યું! એક દિવસ મંજુઘોષા એ કહ્યું કે હે વિપ્ર વર હવે મને મારા લોકમાં જવું છે. મુનિએ કહ્યું કે સવારની સંધ્યા પૂજા થઈ જાય ત્યાં સુધી રોકાઈ જા, એણે કહ્યું કે એવી તો કેટલી એ સંધ્યાઓ ચાલી ગઈ, અને તમારું ધ્યાન આજે ગયું? ત્યારે મેધાવી ઋષિ ચોકી ગયાં, અને તેણે હિસાબ લગાવ્યો તો ૫૭ વર્ષ સુધી તેમણે તેની સાથે વિહાર કર્યો હતો! એણે કહ્યું હે પાપિણી! તે મારી વર્ષોની સાધના બાળી નાખી, તે મારાં કર્યા કારવ્યા પર પાણી ફેરવી દીધું. ભૂલ પોતાની હતી, અને છતાં તેણે એ અપ્સરા ને પિશાચ લોકમાં જવાનો શ્રાપ આપ્યો.




અપ્સરાએ તેના પગે પડીને માફી માંગી ત્યારે એણે તેને આ પાપ માંથી છૂટવા પાપ મોચીની એકાદશીનું વ્રત કરવા કહ્યું. પાપ મોચીની અગિયારસે પોતાનું વ્રત કરીને પાપમાંથી મુક્તિ મેળવે છે. સાંપ્રત સમયમાં તો પાપ પુણ્યની કોઈ સ્પષ્ટ વિભીશિકા થઈ શકે તેમ નથી કે, આ પાપ! અને આ પુન્ય,! કારણ કે દરેકના ચરિત્ર કોઈને કોઈ રીતે ખંડિત થયા છે. સમાજમાં જે કંઈ કર્મ થઈ રહ્યું છે, એ પણ શુદ્ધ આશયથી થતું નથી, ક્યાંક દંભ છે, ક્યાંક છલ છે, તો ક્યાંક પદ પ્રતિષ્ઠાનો મોહ છે, ક્યાંક અહમ છે, તો ક્યાંક દેખાદેખી, કે ઈર્ષા નિંદા છે. આ બધા જ અસુર વૃત્તિના ભાવે આપણને ક્યારે માનવ માંથી દાનવ બનાવી દે છે, એની ખુદ આપણને પણ ખબર રહેતી નથી, અને ન કરવાનું ઘણીવાર થઈ જતું હોય છે. જોકે મોટે ભાગે જાણતા હોવા છતાં પણ થાય છે, કારણ કે આજનો સમાજ વિકૃત આનંદનો પણ આદિ થતો જાય છે. એટલે કે કોઈ પરેશાન થાય, કોઈ પીડિત થાય, કોઈને અસહાય કરીને,કે કોઈની બેબસી જોઈને એને આનંદ આવે છે અને આને વિકૃત આનંદ કહેવાય. પોતાનું દુઃખ તો માણસ સહન કરી લે છે પણ અન્યનું સુખ તેનાથી સહન થતું નથી અને એને કારણે સતત સ્પર્ધા, ઈર્ષા, નિંદા, જેવા અસુરી ભાવો માનવી પર કબ્જો કરીને બેઠા છે, અને એને કારણે પ્રકૃતિ વિરુદ્ધ એટલે માનવતા વિહિન કર્મ કરતાં પણ અચકાતો નથી, જે બધા પાપ છે. બાપુ એ એકવાર કથામાં કર્મના ચાર પ્રકાર વિશે વાત કરી હતી, જેને થોડા ચિંતન સાથે જોઈએ. કર્તવ્ય કર્મ, સુકર્મ, વિકર્મ, અને કુકર્મ! વ્યક્તિ પોતાની માટે થઈને જે કંઈ કરે તેને ક્રિયા કહેવાય, એક રીતે દરેક પ્રકારના કર્મ એ ક્રિયાનું જ બહુરૂપ કે અનન્ય રૂપ છે, કારણ કે એ પણ અંતે તો એક પ્રકારની ક્રિયા જ છે, પણ તે છતાં એને વિભાજિત કરીએ તો પોતાના પરિવારના ભરણપોષણ કે રક્ષણ માટે કરે તેને કર્તવ્ય કર્મ કહેવાય, સમાજનું દાયિત્વ સ્વીકારીને જે કંઈ થાય તેને સુકર્મ કહેવાય, જ્યારે અન્યનું અહિત કરવાના બદ ઈરાદાથી અને પ્રકૃતિ વિરુદ્ધ થતી ક્રિયા એ કુકર્મ કહેવાય! લગભગ આટલી જાણકારીથી આપણે સૌ પરિચિત છીએ. પરંતુ વિકર્મ એટલે એવું કર્મ કે જેમાં આપણને આપણા બુદ્ધ પુરુષ, ઈષ્ટદેવ, કે સદગુરુ ભગવાન પર પણ અસૂયા થાય, એટલે કે મનમાં તેમના માટે કંઈક ખોટો ભાવ આવે!: મોટા મોટા વિદ્વાનો ચિંતકો કે જાગૃત પુરુષો પણ આવી ભૂલ કરતા હોય છે, એટલે કે ક્યારેક પોતાના બુદ્ધ પુરુષ વિશે ખોટો વિચાર આવી જાય કે, આ તો સાવ સામાન્ય માણસ છે, અને એની હું પૂજા કરું છું!! અથવા તો એનાથી તો હું સમર્થ છું, અથવા મારી આટલી લાંબી સાધના પણ એને દેખાતી નથી, અને બીજાઓમાં વ્યસ્ત રહે છે ! એને વધુ મહત્વ આપે છે, મારી સામે જોતા નથી, હું ખોટાં શરણમાં આવી ગયો, વગેરે વગેરે! આ છે વિકર્મ છે. ટૂંકમાં વિકાર પ્રેરક ભાવથી પ્રેરાઈને થતું કર્મ એટલે વિકર્મ! આજે તો બુદ્ધ પુરુષ કે સંત પાસે જઈને પણ વાત વાતમાં માનવી પોતાની નિષ્ઠા ખોઈ બેસે છે, અને એની માટે એને કોઈ મોટા કારણની જરૂર પડતી નથી. મોટેભાગે પોતાનો ઈગો હર્ટ થયો, એટલે કે એને મહત્વ દેવાયું નથી, એવા ભાવથી એ બીજા પાસે દોડી જાય છે, અને જિંદગી આખી આમ અહીંથી અહીંતહીં દોડીને કે ઠોકર ખાય છે. સાચી શરણાગતિ અંત સુધી આવતી નથી, અને તેથી જ દાસ બનવાના લાભ કે ફાયદાથી વંચિત રહી જાય છે. પૌરાણિક કથાના દ્રષ્ટાંત પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, ગમે તેટલું ભયંકર પાપ થયું હોય, પણ જાગ્યા ત્યારથી સવાર, એમ સમજી અને એમાંથી બહાર નીકળીને પ્રાયશ્ચિત કરવામાં આવે તો, ઈશ્વર ઘણો ઉદાર છે! એ કંઈ આપણા પાપ ગણવા બેઠો નથી, જરૂરથી કૃપા કરે છે, અને એ નહીં કરે તો આપણાં સદગુરુ ભગવાન કૃપા કરશે! અને આપણા આવા પાપહિત કર્મની સજામાંથી બચાવશે! પરંતુ એ માટે પહેલા આપણે એનું પ્રાયશ્ચિત કરવું બહુ જરૂરી છે, એને શરણે પૂર્ણ શરણાગતિથી બેસવું પડે. તો આપણે સૌ આ પાપમોચીની એકાદશી એ ચતુર્ભુજ સ્વરૂપ વિષ્ણુની આરાધના કરવાની છે. પરંતુ ચતુર્ભુજ સ્વરૂપ વિષ્ણુને શોધવા ક્યાં! પૂજ્ય બાપુની જ વાતને દોહરાવીએ કે જે પોતે બે હાથે કમાતો હોય, અને ચાર હાથે વહેંચતો હોય, એ જ આજના સમયમાં ચતુર્ભુજ વિષ્ણુ છે, તો એવા કોઈ સાધુ પુરુષ કે બુદ્ધ પુરુષના આચરણ પર ચાલીને આપણે સૌ આ પાપ મોચીની એકાદશી એ પ્રાયશ્ચિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શંકરાચાર્યે એક ખૂબ અગત્યનો મુદ્દો નોંધ્યો છે : આપણે એકવાર કર્મ કર્યું એટલે કર્યું, મેં કોઈને દગો દીધો એટલે દીધો**


# આપણો જ પડછાયો બીજા માટે જ્યારે છાંયડો બની જાય તો જીવન સફળ થયું ગણાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે માનવીઓ ગાયત્રીનું ગાનકરતાં હંમેશાં તેનો જપ કરતા રહે છે, ગાયત્રી તેમનું રક્ષણ કરે છે, ગાયત્રી મંત્રની સાધના કરવાથી બધા પ્રકારની કામનાઓ સિદ્ધ થાય છે, જે વ્યક્તિ નિષ્કામ ભાવથી તેના જાપ કરે છે તેઓને બધા પ્રકારનાં સાંસારિક ફળ મળે છે અને સાથેસાથે મુક્તિ મળે છે.**

આજે સવારે સરસ સુવાક્ય વાંચવા મળ્યું "આપણો જ પડછાયો બીજા માટે જ્યારે છાંયડો બની જાય તો જીવન સફળ થયું ગણાય."મિત્રો આપણે. ચિંતન મનન થકી હદય મનમાં અનોખી તાજગી ભરવાનો પ્રયાસ કરીએ.શરીર અને મનમાં સતો ગુણની માત્રા વધવાથી બીજા અનેક લાભ થવા માંડે છે. અમારા અંતર જગતથી તમોગુણ અને રજોગુણને હટાવી તેના સ્થાને સત્ તત્ત્વનું વધવું એવું છે,જેમ શરીરમાં ભરાયેલા રોગ,મળ,ઝેર અને વિજાતીય પદાર્થોને ઘટાડી તેના સ્થાને શુદ્ધ, સજીવ રક્ત અને વીર્યની માત્રાને વધવા દેવી. આ પરિવર્તન કદાચ આપણને પ્રત્યક્ષ જણાય નહીં પણ તેનો પ્રભાવ આપણા શારીરિક સ્વાસ્થ્ય ઉપર સ્પષ્ટરૂપે જણાય છે. ગાયત્રી દ્વારા સતો ગુણનીવૃદ્ધિ થવાથી નીચ શ્રેણીનાં તત્ત્વોનું નિવારણ થાય છે અને તેનાથી સાધકનો સૂક્ષ્મ કાયાકલ્પ થાય છે તેનો પ્રભાવઆપણા મન અને વિચારો ઉપર પડે છે અને ઈન્દ્રિયોના ભોગોની હાનિકારક લાલસા મંદ પડતી જાય છે. શરીરની જેમ માનસિક ક્ષેત્રમાં સતોગુણની વૃદ્ધિથી અભૂતપૂર્વ ઉન્નતિ થતી જાય છે. કામ, ક્રોધ, લોભ,મોહ,મત્સર વગેરે દોષો ઓછા થવા લાગે છે.તેની જગ્યા એસંયમ, નિયમ, ત્યાગ, સત્યનિષ્ઠા સ્ફૂર્તિ વગેરે ગુણોનો સંચાર થવા લાગે છે. આ પરિવર્તનના ફળથી જીવનમાં દરરોજ અનુભવ થતાં દુઃખોથી મોટેભાગે છુટકારો મળે છે. વિદ્યા, બુદ્ધિ અને વિવેક જાગૃત થવાથી અનેક પ્રકારની ચિંતાઓ ભય, આશંકા, મોહ, મમતા વગેરે મનોવિકારોમાં ઘટાડો થવા લાગે છે ધર્મપ્રવૃત્તિની વૃદ્ધિના ફળથી અન્યાય અને અનાચાર અને ઉચ્ચતરથી ચિત્ત-વૃત્તિ ઘટવા લાગે છે. આ પ્રકારે શારીરિક અને માનસિક બંને ક્ષેત્રોમાં સત્તત્ત્વની વૃદ્ધિ થવા લાગે છે અને સાધક જાતે સાંસારિક દુર્ગુણોથી દૂર જઈ આત્માનંદનો અનુભવ કરવા લાગે છે. જે માનવીઓ ગાયત્રીનું ગાનકરતાં હંમેશાં તેનો જપ કરતા રહે છે, ગાયત્રી તેમનું રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રની સાધના કરવાથી બધા પ્રકારની કામનાઓ સિદ્ધ થાય છે. જે વ્યક્તિ નિષ્કામ ભાવથી તેના જાપ કરે છે તેઓને બધા પ્રકારનાં સાંસારિક ફળ મળે છે અને સાથેસાથે મુક્તિ મળે છે.



છે. એટલે આપણા પ્રાચીન ઋષિ મુનિ ઓએ સંસારના કલ્યાણ માટે તેને પ્રગટ કર્યો અને પરંપરા પ્રમાણે તેની ઉપાસના અનિવાર્ય રીતે પ્રચલિત કરી.આ ગાયત્રી ઉપાસનાના ફળથી આ દેશ હજારો વર્ષ સુધી ઉન્નતિ કરતો કરતો જગતમાં આગળ રહ્યો. કાળક્રમે ભોગોમાં ફસાઈ અથવા અંદરઅંદર ઝગડી દેશનું પતન થયું ત્યારે થોડાક ગાયત્રીના પ્રભાવથી બીજાં રાષ્ટ્રોની માફક તેનો જડ મૂળથી નાશ થયો નહીં. રાજનૈતિક દૃષ્ટિએ આપણું સારું એવું રક્ષણ થયું હતું.વિદેશી આક્રમણકારોએ સામ, દામ, દંડ, ભેદ ચારે રીતોનો ઉપયોગ ખૂબ પ્રયત્નપૂર્વક કર્યો કે તે ધર્મથી દૂર થાય અને પૂરી રીતે દેશને હડપ કરી લેવાય, પણ ન તો મુસલમાનો ને અને ન તો ખ્રિસ્તીઓને આ ઉદ્દેશ્યમાં સફળતા મળી.આનું કારણ એ હતું કે અહીંના ધર્મનો આધાર,તે લોકોના ધર્મના આધાર થી ખૂબ જ ઉચ્ચ,દેઢ અને સત્ય હતો, જેની સામે આ નવો ધર્મ નિસ્તેજ લાગતો હતો.આઆપત્તિ કાળમાં પણ અહીંના અનેકસાધક ગાયત્રીની મહાન ઉપાસનામાં લાગેલા રહેતા અને સમયાંતરે તેઓએ એવી શક્તિ ઉત્પન્ન કરી, જેનાથી વિદેશીઓના પ્રભાવને નષ્ટ કરી તેઓના પગ જામવા દીધા નહીં.ગાયત્રી ઉપાસના હંમેશાં ભારતીય જનતાની ઉન્નતિ અને સુરક્ષાનો આધાર રહી છે અને તેના પ્રભાવથી અહીંનું સામાજિક અને વ્યક્તિગતજીવન પ્રગતિ તરફ આગળ રહ્યું છે. માનવીનું સૌથી મોટું લક્ષણ વિવેક અને સદાચાર સંબંધી જ્ઞાન છે. ફક્ત ચાર હાથ-પગ હોવાથી અને આંખ,કાન,મોં વગેરે ઈન્દ્રિયો હોવાથી માનવી કહી શકાય નહીં આ બધાં લક્ષણો પશુઓમાં હોય છે અને મોટા ભાગના પશુઓની કેટલીક ઈન્દ્રિયો આપણા કરતાં વધુ શક્તિશાળી હોય છે. ગાયત્રી આ વિવેક શક્તિના વિકાસ કરનારો મહામંત્ર છે અને તેનાથી તેની શ્રેષ્ઠતા બધા વિદ્વાનો સ્વીકારે છે. શંકરાચાર્યે એક ખૂબ અગત્યનો મુદ્દો નોંધ્યો છે : આપણે એકવાર કર્મ કર્યું એટલે કર્યું. મેં કોઈને દગો દીધો એટલે દીધો. પછી મારા એ કુકર્મ બદલ હું ગમે તેટલા ધમ પછાડા કરું એનાથી કશો અર્થના સરે. મારે પક્ષે તો એવું કાંઈ રહેતું જ નથી જેથી મારા કુકર્મની અસર ભૂંસી શકાય ને એ વ્યક્તિ જોડે મારો સંબંધ પાછો સાધી શકાય. પેલી વ્યક્તિ પોતાની મેળે મારું કુકર્મ જતું કરે તો જ કંઈક થઈ શકે. મારું પાપ પણ ઈશ્વર સામેનું મારું કુકર્મ છે,એને ભૂંસવા હું ગમે તેટલાં જપ-તપ,યજ્ઞ ત્યાગ,સ્નાન યાત્રા કે દાન કરું તોય એ નિરર્થક બને છે. મારા કુકર્મની સામે બીજું કોઈ સતકર્મ કે પુણ્ય કામ આવતું નથી. એ તો પછી ઈશ્વર પર જ નિર્ભર છે. ઈશ્વર મારાં પાપ જતાં કરે તો જ મારો છુટકારો થાય. પેલા વંઠેલા દીકરાને બાપે જે રીતે ગળે વળગાડ્યોએ રીતે ઈશ્વર સામે ચાલીને મને અપનાવી લે તો જ ઈશ્વર સાથેનો મારો તૂટેલો સંબંધ પાછો બંધાય. ફક્ત ઈશ્વર જ પહેલ કરીને મારા ભણી પોતાના હાથ લંબાવે તો જ મારી અવદશામાંથી બહાર નીકળવાની આશા બંધાય. આમ છે તેથી ધર્મની કે સત્યની ખોજ કરી રહેલ પ્રત્યેક સ્ત્રીપુરુષ નું એ કર્તવ્ય થઈ પડે છે કે, માનવ જાતિના ઈતિહાસમાં ઈશ્વરેમાનવ ભણી આવો હાથ લંબાવ્યો છે કે નહિ એ શોધવા માટે ઉત્સુક પોતે બને. આવી ઉત્સુકતા જ એની ખોજમાં યોગ્ય દિશામાં ભરેલું પહેલું પગલું ગણાય. આપણે આ જ દિશામાં આગળ વધીશું. આપણે એ જાણવા પ્રયત્ન કરીશું કે આપણે તો ઈશ્વરની યોજના ઠુકરાવી દીધી;પણ એ પછી આપણે તેની જોડે પાછો સંબંધ બાંધી શકીએ એવો કોઈ બીજો મોકો ઈશ્વરે આપણને આપ્યો છે કે કેમ..?લોકોને ક્ષમા આપીને સારા બનો પણ તેમના પર ફરીથી વિશ્વાસ કરીને મૂર્ખ ન બનો કારણ કે જો તમે એક જ પથ્થરથી ઘણી વાર ઠોકર ખાઓ તો દોષ પથ્થરનો નહીં પણ તમારો છે! વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, કોઈએ મને પૂછ્યું કે આ દુનિયામાં તમારું કોણ છે,મેં હસીને જવાબ આપ્યો જો સમય સારો હોય તો બધા મારા છે,નહીંતર કોઈ મારું નથી આજે આપણે અહીં જ અટકી એ અસ્તુ.

**આ કાર્યક્રમમાં ભારતભરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી ૧૮ ટીમોએ ભાગ લીધો હતો**

# NSO ભારત દ્વારા IIT ગાંધીનગરમાં આયોજિત "હેક ધ ફ્યુચર" હેકાથોન સફળતાપૂર્વક સંપન્ન

રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (NSO)એ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN)ના સહયોગથી IITGN કેમ્પસ ખાતે "હેક ધ ફ્યુચર" નામનું તેનું ૩૬ કલાકનું હેકાથોન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. આ કાર્યક્રમમાં ભારતભરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં IIT, NIT, IIIT વગેરેનો સમાવેશ થાય છે. સહભાગીઓએ મંત્રાલય અને સંસ્થાના માર્ગદર્શકો દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન સાથે તેમને રજૂ કરાયેલા ત્રણ નવીન પડકારોનો સામનો કર્યો હતો. ઉદ્યોગ, શિક્ષણ અને મંત્રાલયનાનિષ્ણાતોનો સમાવેશ કરતી પાંચ જ્યુરી સભ્યોએ અંતિમ ઉકેલોનું મૂલ્યાંકન કર્યું હતું. સમાપન સત્રમાં MoSPIના સચિવ અને NSOના વડા ડૉ. સૌરભ ગર્ગ, NSO ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ પી.આર. મેશ્રામ અને IIT ગાંધીનગરના ડિરેક્ટર ડૉ. રજત મૂના ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં શ્રી પી.આર. મેશ્રામએ બધા સહભાગીઓને અભિનંદન આપ્યા હતા અને ભાર મૂક્યો કે, હેકાથોન મંત્રાલયની ચાલી રહેલી આધુનિકીકરણ પહેલનું વિસ્તરણ છે. ડૉ. મૂનાએ સહભાગીઓને MoSPI દ્વારા ઉપલબ્ધ કરાયેલા વ્યાપક ડેટાસેટ્સનો ઉપયોગ કરીને હેકાથોનથી આગળ ડેટા સાયન્સ અને આંકડાશાસ્ત્રમાં તેમનું કાર્ય ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે મંત્રાલયની નવીન પહેલો માટે પણ પ્રશંસા કરી હતી. ડૉ. ગર્ગે રાષ્ટ્રવ્યાપી ભાગીદારી પર સંતોષ વ્યક્ત કર્યો અને તમામ ફાઈનલિસ્ટ ટીમોને અભિનંદન આપ્યા હતા. તેમણે સહભાગીઓને રાષ્ટ્રનિર્માણના પ્રયાસોમાં યોગદાન આપવા માટે આ ક્ષેત્રમાં કામ કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ત્રણ શ્રેણીઓમાં ટોચના ત્રણ ઉકેલોને ઈનામ આપવામાં આવ્યા હતા. ચંદીગઢની પ્લાક્ષા યુનિવર્સિટીએ બે શ્રેણીઓમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. જ્યારે રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીએ બાકીની શ્રેણીમાં જીત મેળવી હતી. બીજા ક્રમે વિજેતાઓ IIT જમ્મુ, VIT વેલ્લોર અને NIT ગોવા હતા. જ્યારે NMIMS મુંબઈ, IIIT વડોદરા અને IIT ખડગપુરે તેમની સંબંધિત શ્રેણીઓમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ કાર્યક્રમ બહુ હિતધારકોના સહયોગ દ્વારા નવીનતાને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવાની સામૂહિક પ્રતિબદ્ધતા સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# મંદાકિનીની અદલોઅદલ કોપી છે દીકરી રબજે





**મંદાકિની થોડા સમય પહેલા મ્યુઝિક વીડિયોમાં તેના પુત્ર સાથે જોવા મળી હતી, જ્યારે તેની પુત્રવધૂ બુશરા પણ ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલી છે**

રાજ કપૂરની શોધ મંદાકિની પોતાની પહેલી ફિલ્મથી જ સ્ટાર બની ગઈ. અન્ય અભિનેત્રીઓની જેમ, તેને બોલિવૂડમાં બહુ સંઘર્ષ કરવો પડ્યો નહીં. તે ૧૯૮૫માં આવેલી ફિલ્મ રામ તેરી ગંગા મૈલીમાં રાજીવ કપૂર સાથે જોવા મળી હતી. આ ફિલ્મમાં તેની માસૂમિયત અને સુંદરતાથી લોકો પ્રભાવિત થયા હતા. આ ફિલ્મથી તે રાતોરાત સ્ટાર બની ગઈ. બાદમાં તે ઘણી વધુ ફિલ્મોમાં પણ જોવા મળી. તેમાંથી કેટલીક ફિલ્મો હિટ રહી હતી તો કેટલીક ફ્લોપ. પરંતુ કારકિર્દીના શિખર પર, તેણીએ ફિલ્મોથી દૂરી બનાવી અને લગ્ન કરી લીધા. તેમને બે બાળકો છે. મંદાકિની થોડા સમય પહેલા મ્યુઝિક વીડિયોમાં તેના પુત્ર સાથે જોવા મળી હતી, જ્યારે તેની પુત્રવધૂ બુશરા પણ ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલી છે ૨૬ વર્ષ પછી, મંદાકિનીએ વાપસી કરી અને ચર્ચામાં આવી.મંદાકિનીના બાળકો હવે મોટા થઈ ગયા છે. તેમની પુત્રી રબજે ઈનાયા ઠાકુર અદલોઅદલ મંદાકિની જેવી જ દેખાય છે. જો કે હાલમાં તેનું ફોકસ અભ્યાસ જ હોવાનું અભિનેત્રીએ જણાવ્યું હતું.મંદાકિની થોડા સમય પહેલા મ્યુઝિક વીડિયોમાં તેના પુત્ર સાથે જોવા મળી હતી, જ્યારે તેની પુત્રવધૂ બુશરા પણ ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલી છે. તે એક નિર્માતા છે અને નેટફિલક્સ માટે સામગ્રીનું નિર્માણ કરે છે. તેમની વર્ક પ્રોફાઇલ તેમના ઈન્સ્ટા બાયોમાં આપવામાં આવી છે. આ સાથે, તે તેના કામ સાથે સંબંધિત ઘણી તસવીરો પણ પોસ્ટ કરતી રહે છે. પણ આજે આપણે મંદાકિનીની દીકરી વિશે વાત કરી રહ્યા છીએ. મંદાકિનીની દીકરી હવે મોટી થઈ ગઈ છે અને દેખાવમાં તેની માતા જેવી થઈ ગઈ છે. તેમની પુત્રીનું નામ રબજે ઈનાયા ઠાકુર છે. રાબજેનો ફોટો જોઈને કોઈ પણ કહી શકે છે કે તે તેની માતાની નકલ છે. રાબજે હાલમાં અભ્યાસ કરી રહી છે અને ઘણીવાર તેની માતા, ભાભી બુશરા અને ભાઈ રાબિલ સાથે ફોટામાં જોવા મળે છે.રામ તેરી ગંગા મૈલી પછી, મંદાકિની 'ડાન્સ ડાન્સ', 'લડાઈ', 'કહાં હૈ કાનૂન', 'નાગ નાગિન', 'પ્યાર કે નામ કુર્બાની', 'પ્યાર કરકે દેખો' જેવી ઘણી સફળ ફિલ્મોમાં જોવા મળી હતી. મંદાકિની છેલ્લે ૧૯૯૬માં આવેલી ફિલ્મ 'જોર્દાર'માં ગોવિંદા, આદિત્ય પંચોલી અને નીલમ કોઠારી સાથે જોવા મળી હતી.


### અમિતાભ-જયાની પ્રેમકહાની ફિલ્મ 'ગુડ્ડી' થી શરૂ થઈ હતી

# અમિતાભ સંબંધોમાં અનરોમેન્ટિક હોવાનો જયા બચ્ચનનો એકરાર

અમિતાભ અને જયા બચ્ચનની પ્રેમકહાની ફિલ્મ 'ગુડ્ડી' થી શરૂ થઈ હતી, પરંતુ 'એક નજર' દરમિયાન તે વધુ ગાઢ બની. ઈન્ટરવ્યુમાં જયાએ કહ્યું કે અમિતાભ વાસ્તવિક જીવનમાં અનરોમેન્ટિક છે અને તે તેની છેલ્લી પ્રાથમિકતા છે. જયાએ અમિતાભની પ્રાથમિકતાઓ ખુલ્લેઆમ શેર કરી અને કહ્યું કે તેમના માતાપિતા, બાળકો અને કામ પહેલા આવે છે બંનેએ ૧૯૭૩માં લગ્ન કર્યા અને ૧૯૭૪માં પુત્રી શ્વેતા અને ૧૯૭૬માં પુત્ર અભિષેકનું જન્મ થયો. અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની પ્રેમકથા 'ગુડ્ડી' (૧૯૭૧) થી શરૂ થઈ હતી, જ્યાં અમિતાભને પ્રથમ મુખ્ય ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા હતા. જોકે, ફિલ્મ 'એક નજર' (૧૯૭૨) દરમિયાન તેમના સંબંધો ગાઢ બન્યા. સિનેમા પ્રત્યેના તેમના જુસ્સાએ તેમને નજીક લાવ્યા, વ્યાવસાયિક વાતચીતને રોમાંસમાં ફેરવી દીધી. પડકારો છતાં ચાહકો અમિતાભ અને જયા બચ્ચનની પ્રેમકથાની પ્રશંસા કરે છે, જ્યારે જયાએ અમિતાભ તેમના સંબંધ દરમિયાન એકદમ અનરોમેન્ટિક હોવાની વાત કહીને ઘણા લોકોને ચોંકાવી દીધા.એક એપિસોડ દરમિયાન, સિમીએ જયાને પૂછ્યું કે શું અમિતાભ વાસ્તવિક જીવનમાં રોમેન્ટિક છે? જયા જવાબ આપે તે પહેલાં જ અમિતાભે 'ના' કહ્યું. જયાએ થોભ્યા વિના કહ્યું, 'મારી સાથે નહીં.' વાતચીત પર હસતાં હસતાં, સિમીએ મજાકમાં કહ્યું કે તેણે મુશ્કેલી ઉભી કરી હતી. જ્યારે અમિતાભે પૂછ્યું કે રોમેન્ટિક હોવાનો અર્થ શું થાય છે, ત્યારે જયાએ કહ્યું કે તેમાં ફૂલો અને વાઈન જેવા સરપ્રાઈઝ આપવાનો સમાવેશ થાય છે.પછી તેણે ખુલાસો કર્યો કે અમિતાભ ખૂબ જ શરમાળ છે, જેના પર તેણે એમ પણ કહ્યું કે તેણે ક્યારેય આવું કામ કર્યું નથી. જો અમિતાભને ગર્લફ્રેન્ડ હોત, તો તે કદાચ રોમેન્ટિક હોત. જ્યારે સિમીએ પૂછ્યું કે શું તેઓએ તેમના ડેટિંગ દરમિયાન કોઈ રોમાંસ દર્શાવ્યો હતો, ત્યારે જયાએ જવાબ આપ્યો, 'ના, તેઓએ ક્યારેય વાત કરી નથી.'અમિતાભે પોતાની લાક્ષણિક શૈલીમાં મજાક કરી, ''આ સમયનો બગાડ છે.'' આ પ્રખ્યાત ઈન્ટરવ્યુમાં, જયાએ અમિતાભની પ્રાથમિકતાઓ ખુલ્લેઆમ શેર કરી અને કહ્યું કે તેમના માતાપિતા, બાળકો અને કામ પહેલા આવે છે. તેણીએ મજાકમાં ઉમેર્યું કે તે તેના મેકઅપ આર્ટિસ્ટ જેવા બીજા કોઈની પાછળ જઈ શકે છે 'પણ હું તેની છેલ્લી પ્રાથમિકતા છું.'



તેમના પ્રાથમિકતાઓમાં માતાપિતા, બાળકો અને કામ પહેલા આવે છે : જયા બચ્ચન



### બોલિવૂડમાં ઘણા એવા સ્ટાર્સ છે જેમણે આંતરધાર્મિક લગ્ન કર્યા છે

# શાહરૂખ ખાન હિન્દુ કે મુસ્લિમ નહી, ભારતીય ધર્મમાં માને છે



**'અમે હિન્દુ અને મુસ્લિમ વિશે બિલકુલ વાત કરી નથી' મારી પત્ની હિન્દુ છે, હું મુસ્લિમ છું: શાહરૂખ**

બોલિવૂડમાં ઘણા એવા સ્ટાર્સ છે જેમણે આંતરધાર્મિક લગ્ન કર્યા છે, અને તેમના ધર્મ પર ઘણીવાર પ્રશ્નો ઉભા થયા છે. કરીના કપૂર-સૈફ અલી ખાન અને શાહરૂખ ખાન-ગૌરી ખાનની જેમ. શાહરૂખ મુસ્લિમ છે, જ્યારે ગૌરી હિન્દુ છે. પરિવારમાં હિન્દુ અને મુસ્લિમ બંને ધર્મોનું પાલન કરવામાં આવે છે અને દરેક તહેવારને મહત્વ આપવામાં આવે છે. પરંતુ જ્યારે શાહરુખ ખાનની પુત્રી સુહાનાએ તેને પૂછ્યું કે તે કયા ધર્મની છે, ત્યારે કિંગ ખાને સમજાવ્યું કે આપને ભારતીય છીએ.શાહરુખે કહ્યું હતું કે, 'અમે હિન્દુ અને મુસ્લિમ વિશે બિલકુલ વાત કરી નથી.' મારી પત્ની હિન્દુ છે, હું મુસ્લિમ છું. અને મારા બાળકો ભારતીય છે. જ્યારે સુહાનાએ તેના ધર્મ વિશે પૂછ્યું, ત્યારે શાહરુખે તેના સ્કૂલ ફોર્મમાં આ ભર્યું હતું.ત્યારબાદ શાહરુખે પુત્રી સુહાનાની શાળાનો એક કિસ્સો સંભળાવ્યો. જ્યારે સુહાનાને સ્કૂલ ફોર્મમાં ધર્મ ભરવાનું કહેવામાં આવ્યું ત્યારે શાહરુખે તેને કેવી રીતે સમજાવ્યું. શાહરુખે કહ્યું હતું કે, 'બાળકો જ્યારે શાળાએ જાય છે, ત્યારે તેમણે પોતાના ધર્મ વિશે ફોર્મ ભરવું પડે છે.' તો જ્યારે મારી દીકરી નાની હતી, ત્યારે તેણે એક વાર આવીને મને પૂછ્યું, 'પપ્પા, આપણે કયા ધર્મના છીએ?' મેં તેમાં ફક્ત એટલું જ લખ્યું હતું કે આપણે ભારતીય છીએ, મિત્ર, આપણો કોઈ ધર્મ નથી. અને એવું ન થવું જોઈએ.

### એન્જલ રાયે પોલીસ પાસે પોતાની સુરક્ષાની માંગ કરી

# સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુઅન્સરને મારી નાખવાની ધમકી મળી



એન્જલ રાય સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે અને ઈન્સ્ટાગ્રામ પર તેના ૨૫.૫ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે

સોશિયલ મીડિયા જેટલું લોકપ્રિય છે એટલુંજ સતત વિવાદોમાં ઘેરાયેલું રહે છે. સોશિયલ મીડિયા કન્ટેન્ટ ક્રીયેટર્સને વાંધા, વિરોધ, અને ધાક-ધમકીનો પણ સામનો કરવો પડતો હોય છે. આવા જ એક કિસ્સામાં મુંબઈના બાંગુરનગર વિસ્તારમાં રહેતી પ્રખ્યાત સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુઅન્સર અને અભિનેત્રી એન્જલ રાયને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.તેણે દાવો કર્યો છે કે છેલ્લા કેટલાક સમયથી તેને સતત ધમકીભર્યા મેસેજ આવી રહ્યા છે, જેના કારણે તે ખૂબ જ ડરી ગઈ છે. ધમકીઓથી કંટાળીને એન્જેલે હવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને બાંગુરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.એન્જલ રાયે પોતાની ફરિયાદમાં કહ્યું છે કે એક અજાણ્યો વ્યક્તિ તેને અશ્લીલ મેસેજ મોકલી રહ્યો છે અને જાનથી મારી નાખવાની ધમકી આપી રહ્યો છે. આ વ્યક્તિ તેમને જીવતા સળગાવીને ટુકડા કરી નાખવાની ધમકી આપી રહ્યો છે. તેના નિવેદનના આધારે પોલીસે અજાણ્યા આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે એન્જલ રાયની વેબ સિરીઝ 'ઘોટાલા'નું ટ્રેલર રિલીઝ થયું ત્યારે આ મામલો વધુ ગંભીર બન્યો હતો. ત્યારથી ધમકીઓની સંખ્યા અને તીવ્રતા વધી છે. અભિનેત્રીનું કહેવું છે કે તે સતત માનસિક તણાવમાં રહે છે અને પોતાની સુરક્ષાને લઈને ડરે છે.પોલીસે અનેક કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. પોલીસે આ મામલે બીએનેસ અને આઈટી એક્ટની કલમ ૭૫, ૭૮, ૭૯, ૩૫૧ (૩), ૩૫૨, ૩૫૬ (૨) હેઠળ કેસ નોંધ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે સાયબર સેલની મદદથી આરોપીઓને ઓળખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં આ કેસમાં મહત્વની કડીઓ મળી શકે છે.નોંધનીય છે કે એન્જલ રાય સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે અને ઈન્સ્ટાગ્રામ પર તેના ૨૫.૫ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. તે માત્ર ડિજિટલ પ્લેટફોર્મ પર જ એક્ટિવ નથી પરંતુ મ્યુઝિક વીડિયો અને વેબ સિરીઝમાં પણ જોવા મળી છે.હાલમાં એન્જલ રાયે પોલીસ પાસે પોતાની સુરક્ષાની માંગ કરી છે અને જ્યાં સુધી તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કોઈ નિવેદન આપવાનો ઈન્કાર કરી દીધો છે. આ ઘટનાએ સોશિયલ મીડિયા પર પણ હલચલ મચાવી દીધી છે, જ્યાં ચાહકો તેની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

### 'હિરોઇનને કોઈ સમસ્યા નથી તો'

# ૩૧ વર્ષ નાની રશ્મિકા સાથે કામ કરવા પર સલમાન ખાને ટ્રોલર પર સાધ્યું નિશાન



બોલિવૂડના દિગ્ગજ અભિનેતા સલમાન ખાન અને રશ્મિકા મંદાના ફિલ્મ 'સિકંદર'માં સાથે જોવા મળશે. બંને વચ્ચેના ઉંમરના તફાવતને લઈને ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો કે અભિનેતા પોતાનાથી ૩૧ વર્ષ નાની અભિનેત્રી સાથે રોમાન્સ કરી રહ્યો હતો. હવે ભાઈજાને આ ફિલ્મના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં આ અંગે વાત કરી છે. તેમણે ટ્રોલરને રોકડું પકડાવી દીધું હતું.ફિલ્મ સિકંદરમાં રશ્મિકા મંદાના કે જે સલમાન કરતા ૩૧ વર્ષ નાની છે, તે સલમાન સાથે જોવા મળશે. ટ્રેલરમાં બંનેના કેટલાક રોમેન્ટિક સીન બતાવવામાં આવ્યા હોવાનું જોવા મળ્યું હતું. પોતાનાથી ઘણી નાની ઉંમરની અભિનેત્રી સાથે રોમાન્સ કરવાને કારણે અભિનેતાને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. જો કે હવે ભાઈજાને આ વિશે વાત કરી છે અને ટ્રોલર પર નિશાન સાધ્યું છે.પોતાની વાત પૂરી કરતા તેમણે આગળ કહ્યું, 'જ્યારે હિરોઈનને કોઈ સમસ્યા નથી, તેના પિતાને કોઈ સમસ્યા નથી, તો પછી બીજા લોકોને શા માટે સમસ્યા છે?' કાલે, જ્યારે તે લગ્ન કરવાનું નક્કી કરશે, બાળકો કરશે અને મોટી સ્ટાર બનશે, ત્યારે પણ તે ફિલ્મોમાં કામ કરશે, તો મને આમાં સમસ્યા સમજાતી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે જો તેઓ લગ્ન કરે અને તેમને દીકરી થાય, તો હું પણ તેમની સાથે કામ કરીશ. હું ચોક્કસ મમ્મીની પરવાનગી લઈશ. આ ટિપ્પણી પર રશ્મિકા હસતી જોવા મળી હતી.

# જોનની આગામી ફિલ્મ રોહિત શેટ્ટી સાથેની હશે

જોન અબ્રાહમની તાજેતરની રિલીઝ થયેલી ફિલ્મ ધ ડિપ્લોમેટ બોક્સ ઓફિસ પર સારું કલેકશન કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમ છતાં અભિનેતા એક પછી એક ફિલ્મ માટે વાતચીત કરી રહ્યો છે. આદિત્ય ચોપરા પઠાન ફિલ્મમાંના જોનના પાત્ર જિમ પર પ્રીકવલ બનાવી રહ્યો છે. હવે નવા સમાચાર એ છે કે, જોન અબ્રાહમ અને રોહિત શેટ્ટી એક વિષય પર લાંબા સમયથી વાતચીત કરી રહ્યા છે. સમૂસુથરું પાર પડશે કે તેઓ ફિલ્મ પર કામ શરૂ કરી દેશે. જોને કહ્યું હતું કે, અમે સાથે કામ કરવા ઉત્સાહિત છીએ. અમે એક ફિલ્મ માટે વાતચીત કરી રહ્યા છીએ. મને આશા છે કે, જલદી જ અમે આ ફિલ્મ વિશે નિર્ણય લઈ લેશું. અમારી ફિલ્મનો વિષય મજેદાર છે અને ચોક્કસ દર્શકો અને અમારા ચાહકોને પસંદ પડશે. આ એક ધમાકેદાર ફિલ્મ બનશે એવો અમને બન્નેને વિશ્વાસ છે. જોકે આ ફિલ્મ વિશે નિર્માતા-દિગ્દર્શકોએ ફિલ્મને સત્તાવાર સમર્થન આપ્યું નથી.



# 'મને ૨૧ વર્ષની દેખાવા માટે ઇન્જેક્શન કે સર્જરીની જરૂર નથીઃ અભિનેત્રી સંદીપા



સંદીપા ધરે એવા સેલેબ્સ પર પ્રહાર કર્યા છે જેઓ કહે છે કે ફિલર અને બોટોક્સ કરાવવું એ કોઈ મોટી વાત નથી. સંદીપ ધરે આવા સેલેબ્સને ઠપકો આપતા કહ્યું કે શું તેઓ જાણે છે કે ઓપરેશન ટેબલ પર કેટલા લોકો મૃત્યુ પામે છે? ફિલ્મો અને ટીવી શોનો ભાગ રહી ચૂકેલી અભિનેત્રી સંદીપા ધરે તે બોલિવૂડ સ્ટાર્સ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે જેઓ કહે છે કે તેમને સર્જરી કરાવવામાં કોઈ સમસ્યા નથી. તેણીએ બોટોક્સને સામાન્ય બનાવવાના પ્રયાસો બદલ સેલિબ્રિટીઓની ટીકા કરી. તેમણે તેની વધતી જતી લોકપ્રિયતાની ટીકા કરી અને કહ્યું કે સેલિબ્રિટી તેના માટે પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે. આજકાલ, નવી અભિનેત્રીઓ ઘણી બધી બોટોક્સ સર્જરી અને ફિલર્સ કરાવી રહી છે, અને તેમના જીવનને જોખમમાં મૂકી રહી છે. સંદીપ ધરે શોબિઝ ઉદ્યોગમાં બોટોક્સના વધતા વલણ તેમજ વૃદ્ધત્વના દબાણ વિશે વાત કરી.સંદીપા ધરે કહ્યું, 'મને લાગે છે કે વૃદ્ધત્વ એક સમસ્યા છે. એક સ્ત્રી તરીકે, મને ખબર નથી કેમ, પણ તમને સતત કહેવામાં આવે છે કે અભિનેત્રીની સેલ્ફ લાઈફ હોય છે. ઉપરાંત, તે એક એવું દ્રશ્ય માધ્યમ છે કે તમારી પાસેથી હંમેશા ચોક્કસ દેખાવાની અપેક્ષા રાખવામાં આવે છે. જેમ જેમ તમે મોટા થાઓ છો, તેમ તેમ તમને તમારા ચહેરા પર કરચલીઓ દેખાવા લાગે છે, તમે તમારી ઉંમર કેવી રીતે વધી રહી છે તે જોવાનું શરૂ કરો છો, જે ખરેખર ખૂબ જ સુંદર વાત છે, પરંતુ કોઈક રીતે આ ઉદ્યોગ તમને એવું અનુભવ કરાવે છે કે તે ખોટી વાત છે.સંદીપા ધરે વધુમાં ઉમેર્યું, ''જેમ જેમ હું મોટી થાઉં છું, તેમ તેમ મને ખ્યાલ આવે છે કે મારા ચહેરા પરની દરેક રેખા કહેવા માટે એક વાર્તા ધરાવે છે, જે મારા પાત્રને વધુ નિખારશે. ૨૧ વર્ષની છોકરી જેવો દેખાવા માટે મને ઈન્જેક્શન અને સર્જરીની જરૂર નથી. હું ૨૧ વર્ષનો નથી. અને જ્યારે લોકો તેને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરે છે ત્યારે મને ખરેખર દુઃખ થાય છે. તાજેતરમાં, મેં એક અભિનેત્રીનો ઈન્ટરવ્યુ જોયો જેમાં તેણે કહ્યું હતું કે મેં બે-ત્રણ કામ કર્યા છે. ૧૬-૧૭ વર્ષની છોકરીઓ અહીં-ત્યાંથી પૈસા એકઠા કરે છે અને કહે છે કે હું મારી આ વસ્તુ બદલવા માંગુ છું.

### શ્રીદેવીએ બોની કપૂર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા

# શ્રીદેવીની માતા તેના લગ્ન મુરલી મોહન સાથે કરાવવા ઈચ્છતી હતી

કમલ હાસને તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે શ્રીદેવીની માતા એક સમયે ઈચ્છતી હતી કે મુરલી મોહન પોતાની દીકરી સાથે લગ્ન કરે. તે શ્રીદેવી સાથે મુરલી મોહનના ઘરે પણ પહોંચી હતી, પરંતુ તેને જે ખબર પડી તે જાણ્યા પછી, તેણે પોતાનો વિચાર બદલી નાખ્યો. શ્રીદેવીએ બોની કપૂર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, પરંતુ આ લગ્ન માટે આ કપલને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. પરંતુ એક વખત શ્રીદેવીની માતા ઈચ્છતી હતી કે સુપરસ્ટાર કમલ હાસન તેમના જમાઈ બને, બોની કપૂર નહીં. શ્રીદેવીના મૃત્યુ પછી આયોજિત સ્મૃતિ કાર્યક્રમમાં ખુદ અભિનેતાએ આ વાતનો ખુલાસો કર્યો હતો. શ્રીદેવી અને કમલ હાસને ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું, અને તેમની જોડી ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. આ કારણોસર, શ્રીદેવીની માતા તે બંનેના લગ્ન કરાવવા માંગતી હતી. પરંતુ આ દરમિયાન તેલુગુ અભિનેતા મુરલી મોહને ખુલાસો કર્યો છે કે શ્રીદેવીની માતા તેમની પુત્રી માટે લગ્નનો પ્રસ્તાવ લઈને તેમની પાસે આવી હતી. મુરલી મોહન ૭૦ અને ૮૦ના દાયકાના મોટા ટોલીવુડ સ્ટાર રહ્યા છે.



# સાણંદ ખાતે વીરાંજલિ કાર્યક્રમ યોજાયો : શહીદ વીર સપૂતો અમર રહે, જે સદા મા ભારતીનો જય કહે !

## રાષ્ટ્રભક્ત લોકસાહિત્યકાર સાંઈરામ દવે અને તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરાયેલ ક્રાંતિવીરોની ગાથા વર્ણવતા ભવ્યાતિભવ્ય કાર્યક્રમને માણવા જનમેદની ઊમટી



તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૪ ।

૨૩ માર્ચ, ૧૯૩૧ની મધ્યરાત્રિએ બ્રિટિશ હકૂમતે ભારતના ત્રણ ક્રાતિકારી વીર સપૂત-ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી આપી હતી. આ ત્રણેય ક્રાતિકારીઓના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે શહીદ દિવસ મનાવવામાં આવે છે. અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વિરાંજલી સમિતિ અને જીટીપીએલ ના સંયુક્ત ઉપક્રમે વિરાંજલી ૨.૦ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક સાહિત્યકાર સાઈરામ દવે અને તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરાયેલ ક્રાંતિવીરોની ગાથા એવા વિરાંજલી ૨.૦ કાર્યક્રમને મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી લોકો દ્વારા માણવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમર વીર શહીદોના પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યા અને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી અને વિરાંજલી કાર્યક્રમના પ્રણેતા પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, શહીદ વીર સપૂતો અમર રહે, જે સદા મા ભારતીનો જય કહે ! મા ભારતીના વીર સપૂતો અને દેશની આઝાદી માટે શહાદત વહોરનાર અમર શહીદ સરદાર ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ જેવા અનેક અમર ક્રાંતિકારીઓના અમૂલ્ય બલિદાનને યાદ કરતા શહીદ દિવસ નિમિત્તે વીરાંજલિ સમિતિ દ્વારા છેલ્લાં ૧૭ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે આયોજિત થનાર અને લોકચાહના મેળવનાર વીરાંજલિ કાર્યક્રમનું આ વર્ષે સાણંદ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભક્ત લોકસાહિત્યકાર સાંઈરામ દવે અને તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરાયેલ ક્રાંતિવીરોની ગાથા વર્ણવતા આ અદ્ભૂત અને ભવ્યાતિભવ્ય કાર્યક્રમ બદલ અભિનંદન. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દેશભક્તો ઉપસ્થિત રહીને અમર શહીદોની આરતી કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ઝાલોદ તાલુકાના કાળીગામ ખાતે ત્રણ કાચા મકાનોમાં આગ લાગી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ તાલુકાના કાળીગામ ખાતે એક પરિવારના ત્રણ ભાઈઓના બાજુબાજુમાં આવેલ ત્રણ કાચા મકાનોમાં અકસ્માતે આગ ફાટી નીકળતાં આગમાં ઘરવખરીનો સરસામાન, રોકડા રૂપીયા તેમજ ચાંદીના દાગીના મળી અંદાજે લાખ્ખોનો સરસામાન આગની લપેટમાં આવી જતાં ઘરની સાથે સાથે બળીને ખાખ થઈ જવા પામ્યો હતો ત્યારે ફાયર ફાઈટરની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

ઝાલોદના કાળી ગામ ખાતે ઈનામી ફળિયામાં રહેતાં વિનોદભાઈ કાળુભાઈ બારીયા, પ્રકાશભાઈ પારૂભાઈ બારીયા અને સમુભાઈ પારૂભાઈ બારીઆ આ ત્રણેય ભાઈનો બાજુમાં બાજુમાં આવેલ ત્રણેય મકાનો પૈકી એક મકાનમાં અકસ્માતે આગ ફાટી નીકળી હતી જોતજોતામાં આ આગે બાજુમાં આવેલ અન્ય બે મકાનોને પણ પોતાની લપેટમાં લઈ લેતાં ત્રણેય મકાનો આગની અગન જ્વાળાઓની લપેટમાં આવી ગયાં હતાં. આગની ઘટનાને પગલે પરિવારજનો તેમજ સ્થાનીક લોકોએ આગ ઉપર કાબુ મેળવવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો પરંતુ આગનું વિકરાળ સ્વરૂપ જોઈ લોકોએ ફાયર ફાઈટરનો સંપર્ક કર્યો હતો. ફાયર ફાઈટના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળે દોડી ગયાં હતાં જ્યાં પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. આ લાગેલ આગમાં ત્રણેય મકાનોમાં મુકી રાખેલ ઘર વખરીનો સરસામાન, રોકડા રૂપીયા તેમજ ચાંદીના દાગીના મળે લાખ્ખોનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ લાગેલ આગમાં સદ્નસેબી કોઈને જાનહાની ન થતાં સૌ કોઈએ હાશકારો અનુભવ્યો હતો.

# ઝાલોદ બી.એમ.હાઈસ્કૂલમા ૧૯૮૬ મા સાથે ભણતા દોસ્તોનુ સ્નેહ મિલન યોજાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલમા ૧૯૮૬ ના વર્ષમાં ધોરણ ૧૦ માં ભણતા ક્લાસમેટનું સ્નેહ મિલન યોજાયું હતું. સાથે ભણતા દોસ્તો વોટ્સઅપ ગ્રુપ થી જોડાયેલ હતા એટલે સહુ મિત્રોને એક બીજાનો પ્રાથમિક પરિચય તો હતો જ પરંતુ ઘણા દોસ્તો એવા હતા જેઓ પોતાની કારકિર્દી તેમજ વધુ અભ્યાસ માટે ૧૯૮૬ માં ઝાલોદ છોડી દીધું હતું તેવા દોસ્તો આજે ૧૯૮૬ પછી બધા એક સાથે પોતે ભણતા હતા તે સ્કૂલમાં મળતા ભાવ વિભોર દ્રશ્યો સર્જાયા હતા.

આજે દરેક મિત્રો પોતાની સુંદર કારકિર્દી સાથે આગળ વધેલ હતા પણ જ્યાં બાળપણ વિતાવ્યુ તેમજ મિત્રો સાથે જે મસ્તી કરી હતી તે આજે પણ યાદ કરી રહેલ હતા. આજના આ સ્નેહમિલનમા અંદાજીત ૭૫ ઉપરાંત મિત્રો પોતાના પરિવાર સાથે આવેલ હતા તેમજ ૩૯ વર્ષ પછી એક જગ્યાએ સાથે મળવાનો સહુ મિત્રો માટે આ પ્રથમ અવસર હતો. સહુ મિત્રો સ્કૂલમાં બેસી પોતાનો ક્લાસ રૂમ જોઈ જૂની વાતો વાગોળતાં હતાં તેમજ દરેક મિત્રો પોતાના જૂના સંસ્મરણો યાદ કરી આનંદની ક્ષણ લૂંટી રહેલ હતા. આજે દરેક મિત્રો જૂના મિત્રોને તેમને ક્લાસમા ખીજવતા હતા તેવા નામ થી બોલાવતા હતા. દરેક મિત્રો ભેગા થઈ માંડલેશ્વર મુકામે પ્રકૃતિના ખોળામાં આનંદ માણવા ગયા હતા ત્યા ઉપસ્થિત સહુ લોકો ભલે એક બીજાને જાણતા હતા છતાંય પરિચય આપ્યો હતો.

માંડલેશ્વર મુકામે વિવિધ કરી સહુ મિત્રો સાથે જમી અને ફરી મળવાના કોલ સાથે છૂટા પડ્યા હતા. આજના દિવસની સુંદર યાદોમાં કોઈ પણ મિત્રો કોઈને છોડી જવા તૈયાર ન હતા તેમજ હજુ સમય વિતાવી સહુને બાળપણ જીવવું હતું સમય અને જવાબદારીને લઈ સહુને જવું પણ જરૂરી હતું. આજની અદ્ભુત અને અવિસ્મરણીય યાદોને સહુ મિત્રોએ આખોમાં વસાવી લીધી હતી તેમજ જલ્દી પાછા ચોક્કસ મળીસુ તેવો કોલ આપ્યો હતો. આજની છેલ્લી યાદોમાં સહુ મિત્રોના મુખે એક જ વાત ગમે તેટલા વૈભવ કે નામદાર થઈ જઈએ પણ સાચા દોસ્તો વિનાની જીંદગી અધૂરી જ હોય છે. મિત્રોને મળવા માટે આજે સહુ મિત્રો ગુજરાતના દૂર દૂર વિસ્તારમાંથી, ગુજરાત બહારથી તેમજ ભારત બહારથી પણ આવેલ હતા.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ દ્વારા જાહેર જનતામા જાગૃતિ આવે તે હેતુથી વિશ્વ ટીબી દિવસ નિમિત્તે નગરમાં પોસ્ટર બેનર સાથે રેલી કાઢવામાં આવી





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

સામાન્ય જનતામાં ટીબી અંગે જાગૃતિ આવે તે માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૨૪ માર્ચે વિશ્વ ટીબી દિવસ ઉજવવામાં આવે છે. સમગ્ર ભારતમાંથી ૨૦૨૫મા ટીબી નાબૂદ થાય તે માટે ભારત સરકાર દ્વારા ઝુંબેશ ચાલુ કરવામાં આવેલ છે. તે અંતર્ગત ઝાલોદ તાલુકામાં પણ આ અંગે ઠોસ કામગીરી કરવામાં આવી રહેલ છે. ઝાલોદ તાલુકામાં સમાવિષ્ટ ગ્રામીણ વિસ્તારોમાં સરકાર અધિકૃત કામગીરી કરતા ડૉક્ટરર્સ તેમજ સ્ટાફ જઈને ટીબીના દર્દીઓની ઓળખ કરી સારવાર કરાવી રહેલ છે. ટીબી એક ખતરનાક રોગ છે અને તે ચેપી રોગ છે જે બેક્ટેરિયા દ્વારા થાય છે. ભારત સરકાર આ ચેપી રોગને જડ મૂળથી ઉખેડી નાખવા લગાતાર પ્રયાસ કરી રહેલ છે અને તેમાં ભારત સરકારને સફળતા પણ મળેલ છે. ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે થી ટીબી ને મટાવવાના આશયથી અને સામાન્ય નાગરિકોમા જાગૃતિ આવે તે હેતુથી વિવિધ પોસ્ટર અને બેનર લઈ એક રેલી નગરમાં યોજવામાં આવી હતી.

# ઝાલોદ રામસાગર તળાવ ખાતે મહિલાઓએ દશમ નિમિતે પીપળાના વૃક્ષની પૂજા અર્ચના કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ રામસાગરના કિનારે વર્ષો જૂનું પીપળાનુ વટ વૃક્ષ આવેલ છે. આજે તારીખ ૨૪-૦૩-૨૦૨૫ સોમવારના રોજ એટલે હોળી પછીની દશમ. આજની આ પૂજામાં ઝાલોદ નગરની સૌભાગ્યવતી મહિલાઓ ભગવાન વિષ્ણુના અવતાર સમાન પીપળાના વૃક્ષની પૂજા અર્ચના કરતી હોય છે. આજરોજ વહેલી સવારથી જ દસમના દિવસે પરિણીત મહિલાઓની લાંબી ભીડ રામસાગર ખાતે આવેલ પીપળાની પૂજા અર્ચના કરવા લાગેલ હતી. આજના દિવસે મહિલાઓ કાચા સૂતરના દોરાને હલ્દી થી રંગી નાખે છે તેમજ આ દોરાને પીપળાના વૃક્ષ સાથે પ્રદક્ષિણા કરી આ કાચા સૂતરને પીપળાના વૃક્ષ સાથે વીંટળાવી માનતા માંગતી હોય છે.

પીપળાના વૃક્ષની પૂજા કર્યા પછી મહિલાઓ નીચે બેસી પરિવારની દશા સારી ચાલે તેમજ સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય સારું રહે તે માટે પૂજા કરેલ દોરાને ગળામાં પહેરી રાખે છે. તેમજ આજના દિવસે પરિવારના સહુ સભ્યો એક સમયનું ભોજન ગ્રહણ કરે છે. આ પૂજા કરવાથી પરિવાર પર આવેલ સંકટ દૂર થાય છે તેમજ ગ્રહદશા સારી થઈ જતી હોય છે.

# સીમાવર્તી બ્રહ્મ સમાજ દ્વારા આવનાર પરશુરામ જન્મોત્સવને અનુલક્ષી માંડલેશ્વર મુકામે કારોબારી મીટિંગ યોજાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

આગામી ૩૦-૦૪-૨૦૨૫ ગુરુવારના રોજ પરશુરામ જન્મોત્સવ આવી રહેલ છે તેને અનુલક્ષીને સીમાવર્તી બ્રહ્મ સમાજની કારોબારી સમિતિની મીટિંગ સમાજના પ્રમુખ વિજય પંડિતના અધ્યક્ષપણા હેઠળ માંડલેશ્વર મુકામે યોજાઈ હતી.

આગામી પરશુરામ જન્મોત્સવના ઉજવણીની રૂપરેખા આ મીટીંગમાં નક્કી કરવામાં આવેલ હતી તેમજ કારોબારી મેમ્બર્સ દ્વારા આપવામાં આવેલ વિવિધ સુઝાવો પર ચર્ચા વિમર્શ કરી રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આ મીટીંગમાં સમાજના વિકાસ તેમજ સમાજને મદદરૂપ થઈ શકે તેવા મુદ્દાઓને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતા તેમજ આગામી સમયમાં બ્રહ્મસમાજ વધુ મજબૂત બને તે માટે યુવા સમિતિ તેમજ મહિલા સમિતિ બનાવવા પર ભાર મૂકવામાં આવેલ હતો તેમજ આગામી સમયમાં સમગ્ર દાહોદ જિલ્લા બ્રહ્મસમાજનું સંગઠન કરવા ની રચના અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.તથા હાલ આ જિલ્લા સ્તરના સંગઠનની કામગીરી કેટલે પહોચી તથા કેટલા સમયમાં સમગ્ર દાહોદ જિલ્લા ની વિપ્ર ફાઉંડેશન રચના કરવામાં આવસે તેનો ઉલ્લેખ કર્યો હતો.

ઉપરોક્ત મીટિંગમાં મહામંત્રી પંકજ પંડિત તથા સૌરક્ષક વિપ્ર ફાઉંડેશન બાંસવારડા કૈલાશ પારીખ, રમાકાંત શર્મા, રમેશ શર્મા, સુનિલ પારિખ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં અને સમગ્ર મીટિંગમાં ઉપસ્થિત કમિટી સભ્યો એ પોતાના વિચારો રજૂ કર્યા હતા.ભવિષ્યમાં બાંસવાડા દાહોદ તેમજ ઝાબુઆ જિલ્લામા વિપ્ર ફાઉંડેશન સક્રિય કરી ત્રણેય રાજ્યનુ મજબૂત વિપ્ર ફાઉંડેશનનું સંગઠન બને તે માટે સમાજના પ્રમુખ વિજય ભાઈ પંડિતે ટૂંકી રૂપરેખા રજૂ કરી હતી.

# ચોર્યાસી તાલુકાના વાંઝ ગ્રામપંચાયત ખાતે સામાજિક ઓડિટની ગ્રામસભા યોજાઈ

। (માહિતી) સુરત, તા.૨૪ ।

સામાજિક ઓડિટ નિયામક અને ગ્રામ વિકાસ કમિશનર-ગાંધીનગરના માર્ગદર્શનમાં નાણાકીય વર્ષ દરમિયાન સ્વચ્છ ભારત મિશન, રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, મધ્યાહન ભોજન યોજના, આઈસીડીએસ—આંગણવાડી અને પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર (પીડીએસ) યોજનાઓના લાભો જરૂરિયાતમંદ લોકો સુધી પહોચે તે હેતુથી રાજ્યભરમાં સામાજિક ઓડીટની કામગીરી કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે ચોર્યાસી તાલુકાના વાંઝ ગ્રામપંચાયત ખાતે સામાજિક ઓડિટર દીપક જાયસવાલની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી, જેમાં રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ અંતર્ગત કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું હતું.

# દેવગઢ બારીઆ તાલુકાના આંકલી ગામના જલારામ મંદિર પરિસરમાં કોળી સમાજની બેઠક મળી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૪ ।

આજરોજ દેવગઢ બારિયા તાલુકાના આંકલી ગામમાં જલારામ બાપાના મંદિર પરિસરમાં જય જલારામ યુવક મંડળ (કોળી સમાજ)ની બેઠક મળી હતી તેમાં સમાજમા કેટલાક ખોટા ખર્ચાઓ જેવાકે લગ્ન પ્રસંગમાં ડી.જે. વગાડવામાં આવે છે તેને સંપૂર્ણપણે બંધ કરવું,લગ્ન.પ્રસંગોમાં ફટાકડા ફોડવાના બંધ, સગાય પ્રસંગમાં મર્યાદિત લોકોનું જવું,જાહેરમાં દારૂ કે નશાકારક પદાર્થોનું સેવન બંધ,લગ્નમાં ઓઢણ પ્રથા પર નિયંત્રણ, અશુભ પ્રસંગમાં કફન લાવવાનું બંધ જેવા અનેક ફાયદાકારક નિર્ણયો લઈ સમાજને અંધકારમાં ડૂબતો બચાવવા માટે ખૂબ સારા પ્રયાસો કરી સમાજને આગળ લાવવા માટેનો એક સારો પ્રયાસ કરવામાં આવ્યો.

# ઝાલોદમા બાઇક પર વ્યાપાર કરવા સામાનની હેરફેર કરતા ફેરિયાઓથી રાહગીરો ત્રસ્ત : ગંભીર અકસ્માતનો ડર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ નગર માંથી તેમજ નગરના હાઈવે તેમજ જાહેર માર્ગો પર બાઈક પર સમાન મૂકી વ્યાપાર કરતા ફેરિયાઓ થી નગરજનો તેમજ રસ્તા પર થી પસાર થતા રાહદારીઓ ત્રસ્ત થઈ ગયેલ છે. બાઈક લઈને નીકળતા ફેરિયાઓ બાઈક પર પલંગ, ખુરશી લાદીને ગામડાઓમાં કે જાહેર રસ્તાઓ પર થી પસાર થતા જોવા મળે છે. બાઈક પર વ્યાપાર કરનાર આવા ફેરીયાઓને કોઈ પણ કાયદાનો ડર લાગતો હોય તેવું લાગતું નથી. આવો જ એક કિસ્સો ઝાલોદ મા જોવા મળ્યો હતો એક બાઈક ચાલક પોતાની બાઈક પર પલંગ મૂકી વ્યાપાર કરવા જતો હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. આ બાઈક ચાલકને કોઈના સાથે અકસ્માત સર્જાઈ શકે છે તેવો કોઈ ડર જોવા મળતો નથી. અમુક રાહગીરો પાસે જાણવા મળેલ મુજબ અમુક વાર વહેલી સવારે બાઈક વાળા ફેરિયાઓ નીકળતા હોય છે તેમજ વહેલી સવારે ફરવા જતા લોકો બિન્દાસ રીતે સામાન મૂકી જતાં ફેરિયાઓ કોઈની પરવા કર્યા વગર બાઈક દોડાવે છે આવામાં કોઈ રસ્તે ચાલનાર રાહગીર સાથે અકસ્માત સર્જાય તો આની જવાબદારી કોણ લેશે. તંત્ર આ અંગે જાગે અને બિન્દાસ રીતે બાઈક પર સમાનની હેરફેર કરી વ્યાપાર કરનાર ફેરિયાઓ પર કાયદેસર પગલા ભરે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમને ખુબજ આનંદ તથા મોજમજા મળશે.કારણ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે હસતા રહો કારણ કે એ તમારી તમામ સમસ્યાનું નિવારણ છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અનુભવ થશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.



**કર્ક (ડ,હ) :**

આજે જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે.



**સિંહ (મ,ટ) :**

આજે બાળકો તમારી સાંજને ખુશી થી ભરપૂર બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો અને પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. પ્રેમ જીવન ગતિશીલ હશે. કામમાં ગતિશીલ અને પ્રગતિશીલ પરિવર્તન લાવવામાં સહકર્મચારીઓ તમને સહકાર આપશે. ઝડપી પગલું લેવા તમારે પણ તમારી જાતને તૈયાર કરવી પડશે.



**તુલા (ર,ત) :**

આજની આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ તમારી ચિંતાનું કારણ બનશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. પત્ની સાથે સંબંધો સુમેળભર્યા બનાવવા માટે સારો દિવસ.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સારો દિવસ.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયત્ન કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

CM યોગીનો રાજ્યની પોલીસને કડક આદેશ

# રામનવમી અને ઈદના તહેવારો સંદર્ભે પોલીસને કડક આદેશ

## મુખ્યમંત્રીએ કહ્યું કે ધાર્મિક કાર્યક્રમો દરમિયાન રસ્તાઓ અવરોધાય નહીં તે માટે નક્કર વ્યવસ્થા કરવી જોઈએ

। (એજન્સી) લખનૌ, તા.૨૪ ।

ચૈત્ર નવરાત્રી, રામ નવમી, ઈદ-ઉલ-ફિત્ર, બૈસાખી જેવા આગામી મુખ્ય તહેવારોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ તમામ અધિકારીઓને સતર્ક રહેવા સૂચના આપી હતી અને કહ્યું હતું કે પરંપરા વિરુદ્ધ કોઈ પણ કામ ન થાય. મુખ્યમંત્રીએ કહ્યું કે ધાર્મિક કાર્યક્રમો દરમિયાન રસ્તાઓ અવરોધાય નહીં તે માટે નક્કર વ્યવસ્થા કરવી જોઈએ. મુખ્યમંત્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે અરાજકતા ફેલાવતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. તેમણે કહ્યું કે તહેવારો દરમિયાન સરઘસ, મેળા અને ધાર્મિક કાર્યક્રમો થાય છે, જે આ સમયને સંવેદનશીલ બનાવે છે. તેથી તમામ વહીવટી અને પોલીસ અધિકારીઓએ તકેદારી વધારવી અને સતત



તકેદારી રાખવાની જરૂર છે. તેમણે અફવા ફેલાવનારા અને તોફાની નિવેદનો કરનારાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાનો આદેશ આપ્યો હતો. સમાચાર એજન્સી અનુસાર, મુખ્યમંત્રીએ કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના નેતૃત્વમાં તમામ ધર્મો અને સંપ્રદાયોના તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવ્યા છે. આ વ્યવસ્થા જાળવવા માટે દરેક શક્ય પ્રયત્નો કરવા જોઈએ. તેમણે નિર્દેશ આપ્યો કે તહેવારો દરમિયાન જનતાને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે. ઈદ નિમિત્તે સ્વચ્છતા, સ્વચ્છતા અને પીવાના પાણીની વ્યવસ્થા માટે નક્કર તૈયારીઓ કરવા ખાસ જણાવ્યું હતું. તેમજ વિદાયની નમાઝ દરમિયાન ખાસ સાવધાની રાખવા સૂચના આપવામાં આવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવી જોઈએ અને ત્યાં વધારાના પોલીસ દળો તૈનાત કરવા જોઈએ. તેમણે પોલીસ ફૂટ પેટ્રોલિંગ વધારવા, PRV ૧૧૨ ને સક્રિય રાખવા અને સોશિયલ મીડિયા પર નજર રાખવા સૂચના આપી હતી. કોઈપણ પ્રકારની અફવાઓ પર તાત્કાલીક પગલા લેવા અને લોકોમાં સકારાત્મક સંદેશ આપવા અપીલ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ અધિકારીઓને શાંતિ સમિતિની બેઠકો સમયસર યોજવા અને મીડિયાના સહકારથી શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ જાળવવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સંચાર અને ત્વરિત પગલાં અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં મદદ કરે છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે તમામ પોલીસ સ્ટેશન, સર્કલ, જિલ્લા, રેન્જ, ઝોન અને ડિવિઝન સ્તરના અધિકારીઓને તેમના વિસ્તારના ધાર્મિક નેતાઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વાતચીત કરવા સૂચના આપી હતી. તેમણે કહ્યું કે નાની અફવા પણ વાતાવરણને બગાડી શકે છે, તેથી પોલીસ અને વહીવટીતંત્રે સંપૂર્ણ રીતે સતર્ક રહેવું પડશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે અયોધ્યામાં રામનવમી અને ચૈત્ર નવરાત્રિના અવસરે મા વિંધ્યવાસિની ધામ, દેવીપાટન ધામ, સહારનપુર અને સીતાપુરમાં મા શાકુંભારી ધામમાં ભક્તોની ભારે ભીડ ઉમટે છે. આવી સ્થિતિમાં સુશાસન અને વ્યવસ્થાનું ઉદાહરણ રજૂ કરવું જોઈએ. તેમણે ભીડ વ્યવસ્થાપન અંગે વધુ સારી યોજનાઓ બનાવવા સૂચના આપી હતી. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે મુખ્ય ધાર્મિક સ્થળોને આકર્ષક રીતે શણગારવામાં આવે. તેમજ ગરમીને જોતા ભક્તો માટે પીવાના પાણી, છાંયડો, સાદડી વગેરેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવે. દેવીના સ્થળો પર મહિલા પોલીસકર્મીઓને વિશેષ તૈનાત કરવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. તેમણે તમામ ઈમરજન્સી સેવાઓને એલર્ટ મોડમાં રાખવા, એમ્બ્યુલન્સને તૈયાર રાખવા અને આરોગ્ય સેવાઓને એલર્ટ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે રાજ્યમાં તમામ તહેવારો શાંતિ, સૌહાર્દ અને ઉલ્લાસ સાથે પૂર્ણ થાય તે માટે વહીવટીતંત્ર અને પોલીસ વિભાગે સંપૂર્ણ ખંતથી કામ કરવું પડશે.

### ન્યૂઝ બ્રિફ

## દેશભરમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા વધતા સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરી ચિંતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશમાં છેલ્લા ઘણાં સમયથી મોટી શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ અને હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટના વધી ગઈ છે. ગુજરાતની લૉ યુનિવર્સિટીમાં ગત મહિને રેગિંગના કારણે એક વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી હતી, ત્યારે આ મુદ્દે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે અને આત્મહત્યા અટકાવવા માટે ટાસ્ક ફોર્સની રચના કરી છે. સુપ્રીમ કોર્ટે કેમ્પસમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નિવૃત્ત ન્યાયાધીશની આગેવાની હેઠળ એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. ન્યાયાધીશ જે.બી.પારડીવાલાની બેંકે કહ્યું કે, છેલ્લા બે મહિનામાં કૉલેજના હોસ્ટેલમાં જાતીય સતામણી, રેગિંગ, ભેદભાવ સહિત અન્ય કારણોસર ઘણા વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી ચુક્યા છે.

## બ્રિટનના અનેક ભાગોમાં ભારે વરસાદને પગલે પૂર

। (એજન્સી) બ્રિટન, તા.૨૪ ।

બ્રિટનના દક્ષિણ ઈંગ્લેન્ડ અને ઈસ્ટ મિડલેંડ્સમાં ખરાબ હવામાનથી ભારે નુકસાન થયું છે. અચાનક થયેલા ભારે વરસાદ, કરા અને વીજળી પડવાને કારણે અનેક વિસ્તારોમાં પૂર આવ્યું છે. આકાશમાંથી વીજળી પડવાની ૪૦૦ ઘટનાઓથી લોકો ભયભીત છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે વરસાદ ૨૦ મિનિટથી લઈને એક કલાક સુધી ચાલુ રહ્યો હતો. હવામાન વિભાગે ભવિષ્યવાણી કરી છે કે વધતા કલાયમેટ ચેન્જને કારણે આવી ઘટનાઓ વધવાની સંભાવના છે. બ્રિટનના હવામાન વિભાગે જણાવ્યું છે કે કેટલાક વિસ્તારોમાં પૂર પણ આવ્યું છે. જ્યારે નેશનલ હાઈવેએ જણાવ્યું છે કે શનિવારના યોર્કશાયરમાં એમ-૧૮ના કેટલાક ભાગ બંધ કરી દેવામાં આવ્યા હતાં.

## સોનાનો ભાવ ૮૭,૭૫૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે, સોનાના ખરીદદારોને થોડી રાહત મળી. આજે (૨૪ માર્ચ), MCX પર સોનાનો ભાવ ૮૮,૦૦૦ રૂપિયાના સ્તરથી નીચે આવી ગયો છે. સોનાનો ભાવ ૮૭,૭૫૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે જ્યારે ચાંદીના ભાવમાં ૦.૪૩ ટકાનો વધારો થયો છે, ચાંદી ૯૮,૩૦૯ રૂપિયા પર ટ્રેડ કરી રહી છે. સોનાના ભાવમાં ઘટાડો થવાના મુખ્ય કારણો વૈશ્વિક બજારોમાં નબળાઈ, ડૉલરની મજબૂતી અને પ્રોફિટ બુકિંગ છે. જ્યારે ડોલર મજબૂત થાય છે ત્યારે સોનાના ભાવ પર દબાણ વધે છે, કારણ કે મોંઘા ડોલરને કારણે રોકાણકારો સોનામાં રસ ગુમાવે છે. ગયા સપ્તાહે શુક્રવારની સરખામણીમાં સોનાની કિંમતમાં લગભગ રૂ. ૯૦૦નો ઘટાડો જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં સોનાના ભાવમાં હજુ વધુ ઘટાડો થશે કે કેમ તે જોવું રહ્યું.

### અમેરિકા અને ચીનેને પાછળ છોડ્યું

# છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય જીડીપીનું કદ બમણું થયું

## ૨૦૧૫માં ભારતીય જીડીપીનું કદ ૨.૧ ટ્રિલિયન ડોલર હતું, જે ૨૦૨૫માં વધીને ૪.૩ ટ્રિલિયન ડોલર થવાની ધારણા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય જીડીપીનું કદ બમણું થયું છે. ખાસ વાત એ છે કે ૨૦૧૫થી ૨૦૨૫ના સમયગાળામાં જીડીપીની વૃદ્ધિની ગતિ ૧૦૫ ટકા રહી છે, જે અમેરિકા અને ચીન જેવી વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓ કરતાં ઘણી ઝડપી છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના ડેટા અનુસાર, ૨૦૧૫માં ભારતીય જીડીપીનું કદ ૨.૧ ટ્રિલિયન ડોલર હતું, જે ૨૦૨૫માં વધીને ૪.૩ ટ્રિલિયન ડોલર થવાની ધારણા છે.




જે અંદાજે ૧૦૫ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ ૧૦-વર્ષના સમયગાળામાં, અમેરિકાના જીડીપીનું કદ ૧૮.૩ ટ્રિલિયન ડોલરથી ૬૬ ટકા વધીને ૩૦.૩ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ છે. ચીનનું અર્થતંત્ર ૧૧.૧ ટ્રિલિયન ડોલરથી વધીને ૧૯.૫ ટ્રિલિયન ડોલર થશે, જે ૭૬ ટકાનો વધારો દર્શાવે છે. મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમોએ રોકાણકારોનો વિશ્વાસ મજબૂત કર્યો છે. મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને આઈટી સેક્ટરની સતત વૃદ્ધિએ પણ આર્થિક વૃદ્ધિને વેગ આપ્યો છે. રિપોર્ટ અનુસાર, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. તેના મુખ્ય કારણોમાં નીતિઓમાં નક્કર સુધારા, મજબૂત આર્થિક પાયો અને બિઝનેસ કરવામાં સરળતા છે.

### ટ્રમ્પે કેનેડાનું સન્માન જાળવી ચર્ચા કરવી પડશે

# કેનેડા સાથેની ટ્રેડ વોરમાં છેવટે અમેરિકાને જ નુકસાન : માર્ક કાર્ની

## ટ્રમ્પે કેનેડા પર આક્રમક વલણ જાળવી રાખતાં ફરી તેને અમેરિકામાં ભેળવી તેને ૫૧મું રાજ્ય બનાવવાની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો

। (એજન્સી) ટોરન્ટો, તા.૨૪ ।

કેનેડા સાથેની ટ્રેડ વોરમાં છેવટે અમેરિકાને જ આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવશે એમ કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ જણાવ્યું હતું. કાર્નીએ કહ્યું કે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેવટે કેનેડાના સાર્વભૌમત્વનું સન્માન કરી વેપાર અંગે ચર્ચા કરવા તૈયાર થવું પડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકેનું અમારું સન્માન નહીં જળવાય ત્યાં સુધી ટ્રમ્પ સાથે વાતચીત શક્ય



નહીં બને. દરમિયાનમાં ટ્રમ્પે કેનેડા પર આક્રમક વલણ જાળવી રાખતાં ફરી તેને અમેરિકામાં ભેળવી તેને ૫૧મું રાજ્ય બનાવવાની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો. અમેરિકા સાથે ટેરિફ મુદ્દે ચાલી રહેલી લડાઈ મામલે દેશના પ્રાંતિય નેતાઓ સાથે શનિવારે યોજાયેલી બેઠકમાં કાર્નીએ જણાવ્યું હતું કે, તેઓ અમેરિકા સાથે વેપાર અને સુરક્ષા મામલે વ્યાપક ચર્ચા ઈચ્છે છે. ટ્રમ્પે વેપાર મામલે જે પગલાં લીધાં છે તેનાથી છેવટે અમેરિકાને જ નુકસાન થવાનું છે, અને એટલે જ મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, અમેરિકા સાથે ભવિષ્યમાં જે ચર્ચા થશે તેમાં કેનેડાનું સન્માન જળવાશે. તેઓ કહે તે સમયે હું તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ કેનેડાથી આયાત થતાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા ટેરિફ લાદી છે.

# USમાં ૫.૩૦ લાખ ઈમિગ્રન્ટ્સની કાનૂની સુરક્ષા રદ, દેશનિકાલ કરાશે

## ટ્રમ્પ વહીવટીતંત્રના આ પગલાથી સામૂહિક દેશનિકાલની પ્રક્રિયા શરૂ થવાની શક્યતા વધી ગઈ છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું પગલું ભરતા ૫૩૦,૦૦૦ પ્રવાસીઓની અસ્થાયી કાનૂની સુરક્ષા રદ કરી છે. આ નિર્ણયની સીધી અસર ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલા જેવા દેશોના લોકો પર પડશે, જેમને બાઈડન સરકાર દરમિયાન માનવતાવાદી ધોરણે અસ્થાયી સુરક્ષા અને વર્ક પરમિટ આપવામાં આવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રના આ પગલાથી સામૂહિક દેશનિકાલની પ્રક્રિયા શરૂ થવાની શક્યતા વધી ગઈ છે, જેના કારણે ઈમિગ્રન્ટ સમુદાયોમાં ચિંતા અને અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાયું છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અનુસાર આ ચાર દેશોના ઈમિગ્રન્ટ્સ જેઓ ઓક્ટોબર ૨૦૨૨ પછી સ્પોન્સર્સિપ દ્વારા યુએસ આવ્યા હતા અને જેમને બે વર્ષની કામચલાઉ કાનૂની પરવાનગી (પેરોલ) અપાઈ



હતી, તેમનો દરજ્જો ૨૪ એપ્રિલે અથવા ફેડરલ રજિસ્ટરમાં આ નિર્ણયના પ્રકાશનના ૩૦ દિવસ પછી સમાપ્ત થશે. ટ્રમ્પના આ નિર્ણયથી ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન દ્વારા રજૂ કરાયેલી પેરોલ નીતિનો અંત આવશે. જે હેઠળ ઈમિગ્રન્ટ્સને હવાઈ માર્ગે દેશમાં પ્રવેશવાની અને અમેરિકન સ્પોન્સર્સની મદદથી કામચલાઉ નિવાસની મંજૂરી અપાઈ હતી. પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રેશનને રાષ્ટ્રીય કટોકટી ગણાવી હતી અને કડક નીતિઓનું વચન આપ્યું હતું. સત્તામાં આવ્યા પછી તેમણે આ દિશામાં ઝડપી પગલાં લીધાં છે. અધિકારીઓનું કહેવું છે કે આ લોકોને હવે ફાસ્ટ-ટ્રેક દેશનિકાલ પ્રક્રિયાનો સામનો કરવો પડી શકે છે, જેમાં તેમને લાંબી કાનૂની પ્રક્રિયામાંથી પસાર થયા વિના દેશમાંથી કાઢી શકાય છે. ટ્રમ્પના આ નિર્ણયથી પ્રભાવિત ઘણા ઈમિગ્રન્ટ્સ કેટલાક વર્ષોથી યુ.એસ.માં રહી રહ્યા છે અને અહીં નોકરીઓ, ઘરો અને સમુદાય જીવન સ્થાપિત કર્યું છે. બે બાળકો સાથે સાન ડિએગોમાં રહેતી વેનેઝુએલાની એક મહિલાએ જણાવ્યું હતું કે, સારા જીવનની આશામાં બધું જોખમમાં મૂક્યું હતું.

### આરોપી પતિએ પોતાનો ગુનો કબૂલ કર્યો

# પત્નીના ચરિત્ર પર શંકાથી પતિએ ત્રણ વર્ષના પુત્રને રહેંસી નાખ્યો

## બાળકની માતાએ ચંદન નગર પોલીસ સ્ટેશનમાં બાળક ગાયબ થયાની ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) પૂણે, તા.૨૪ ।

મહારાષ્ટ્રના પૂણેમાં એક ૩૮ વર્ષીય આઈટી એન્જિનિયરે ગુસ્સામાં આવીને પોતાના સાડા ત્રણ વર્ષના પુત્રની હત્યા કરી દીધી છે. માધવને પોતાની પત્નીના ચરિત્ર પર શંકા હોવાથી તે અકળાયેલો રહેતો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આરોપીએ પહેલા બાળકનું ગળુ કાપ્યું અને પછી મૃતદેહને વેરાન જગ્યામાં મૂકી દીધો હતો. માધવ બે મહિનાથી બેરોજગાર પણ હતો. પોલીસને મળેલી જાણકારી મુજબ બાળક ન મળતાં આ ઘટના પ્રકાશમાં આવી હતી. બાળકની માતાએ ચંદન નગર પોલીસ સ્ટેશનમાં બાળક ગાયબ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિસ્તારમાં લાગેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરી, તો ફૂટેજમાં ગુરુવારે બપોરે ૨:૩૦ કલાકે માધવ પોતાના પુત્રની સાથે જોવા મળ્યો હતો. જોકે, બીજા ફૂટેજમાં માધવ એકલો દેખાઈ રહ્યો હતો.

### કેજરીવાલે દિલ્હીમાં એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપી

# ચક્રવ્યૂહની અંદર અભિમન્યુને ઘેરી હત્યા કરાઈ તેમ કેજરીવાલને પણ ઘેરી લેવાયા

## સૌરભ ભારદ્વાજે નવી દિલ્હી સીટ પર કેજરીવાલની હારની સરખામણી મહાભારતમાં અભિમન્યુની હત્યા સાથે કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP)ની હારના લગભગ દોઢ મહિના બાદ પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપી હતી. નવી દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજે પણ પાર્ટી હેડક્વાર્ટરમાં આયોજિત 'શહીદોના નામની એક સાંજ' કાર્યક્રમમાં અરવિંદ કેજરીવાલની સામે નવી દિલ્હી બેઠકના ચૂંટણી પરિણામોનો ઉલ્લેખ કર્યો હતો.

નોંધનીય છે કે આ સીટ પર કેજરીવાલને બીજેપી નેતા પ્રવેશ વર્માએ હરાવ્યા હતા જેઓ હવે PWD મંત્રી છે. સૌરભ ભારદ્વાજે નવી દિલ્હી સીટ પર કેજરીવાલની હારની સરખામણી મહાભારતમાં અભિમન્યુની હત્યા સાથે કરી હતી. સૌરભ ભારદ્વાજે કહ્યું, 'જે રીતે અરવિંદ કેજરીવાલની નવી દિલ્હીમાં ચૂંટણી થઈ. જ્યારે પણ હું આ સાંભળું છું, ત્યારે મને લાગે છે કે જેમ ચક્રવ્યુની અંદર અભિમન્યુને ઘેરી લેવામાં આવ્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી, તે જ રીતે આપણા કેજરીવાલ જીને નવી દિલ્હીમાં ઘેરી લેવામાં આવ્યા હતા. બધાએ આ જોયું છે. આખી દુનિયાએ આ જોયું છે. સૌરભ ભારદ્વાજે સ્મિત સાથે કહ્યું કે કેજરીવાલનું નસીબ આવું છે, તે ક્યારેક નીચે જાય છે તો ક્યારેક ઉપર. આપણા બધાનું નસીબ તેમની સાથે છે. તેઓ જેટલા નીચા જાય છે, જો તમે બોલને નીચે મારશો તો તેઓ જેટલા ઊંચા જાય છે. મારો અનુભવ છે કે જ્યારે પણ અરવિંદ જી નીચે ગયા છે, તેઓ બમણી ઝડપે ઉપર ગયા છે. તેમની સાથે સમગ્ર પાર્ટી અને દરેક કાર્યકર્તાનું ભાવિ જોડાયેલું છે. અમારે કોઈ જ્યોતિષ પાસે જવાની જરૂર નથી, ચાલો સરનું નસીબ બતાવીએ. મારી પત્નીએ જ્યોતિષને પૂછ્યું તો તેણે કહ્યું કે તમારા પક્ષના દરેક વ્યક્તિનું એક જ ભાગ્ય છે.

પૂર્વ આરોગ્ય મંત્રીએ કહ્યું કે જ્યારે AAPની સરકાર બની ત્યારે લોકોના ચહેરા પર ખુશી હતી, પરંતુ ભાજપની સરકાર બન્યા બાદ લોકો ખુશ નથી. અમારા પરાજિત ધારાસભ્ય જ્યાં પણ જાય છે, ત્યાં લોકો તેમને પકડીને ઉભા રહે છે, ગળે લગાવે છે અને રડવા લાગે છે.

## વિદ્યાર્થીએ બોર્ડના પેપરમાં લખી દીધી લવ સ્ટોરી

। (એજન્સી) લખનૌ, તા.૨૪ ।

યુપી બોર્ડની પરીક્ષા ૨૪ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ ૨૦૨૫ દરમિયાન યોજાઈ હતી. આ વર્ષે, ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીએ યુપી બોર્ડની ૧૦ અને ૧૨માં ધોરણની પરીક્ષા આપી હતી. આ બધા વિદ્યાર્થીઓ હવે યુપી બોર્ડ પરિણામ ૨૦૨૫ ના પ્રકાશનની રાહ જોઈ રહ્યા છે. અત્યારે યુપી બોર્ડની પરીક્ષાની નકલોનું મૂલ્યાંકન કાર્ય ચાલી રહ્યું છે. કોપી ચેકિંગ દરમિયાન ઘણા વિચિત્ર કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓએ તેમની ઉત્તરવહી પર જવાબો લખવાને બદલે, રોમેન્ટિક ગીતો, એટલે કે ફિલ્મી ગીતોના શબ્દો લખ્યા છે. યુપી બોર્ડનું પરિણામ એપ્રિલમાં જાહેર થવાની શક્યતા છે. યુપી બોર્ડના ૧૦ અને ૧૨ના પરિણામ ૨૦૨૫ સંબંધિત તમામ અપડેટ્સ સત્તાવાર વેબસાઈટ ''દ્વર્જૅ.દ્વૈં.હ પર ચકાસી શકાય છે. ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષણ પરિષદ ટૂંક સમયમાં યુપી બોર્ડ સરકારના પરિણામની તારીખ (યુપી બોર્ડ સરકારી પરિણામ) વિશે માહિતી આપશે. યુપી બોર્ડ પરીક્ષાની નકલો ચકાસી રહેલા શિક્ષકો તેમાં લખેલા જવાબો વાંચીને આશ્ચર્યચકિત થઈ જાય છે. યુપી બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીમાં લખેલા રમુજી જવાબો જાણો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શામલીની આરકે ઈન્ટર કોલેજમાં યુપી બોર્ડની પરીક્ષાની નકલોની તપાસ કરવામાં આવી રહી છે. એક પરીક્ષક યુપી બોર્ડના ૧૦મા વિજ્ઞાન વિષયની નકલો ચકાસી રહ્યા હતા. પછી તે એક વિદ્યાર્થીના પેપર પર અટકી ગયા. તેમણે જણાવ્યું કે પૂર્વી ઉત્તર પ્રદેશના જિલ્લાઓની ઘણી ઉત્તરવહીઓમાં વિદ્યાર્થીઓએ જવાબોને બદલે ફિલ્મી ગીતો લખ્યા હતા.


### પંજાબમાં પાસ્ટર બજિન્દર સિંહની મુશ્કેલી વધી

# ખ્રિસ્તી ધર્મગુરુ બજિન્દરે મહિલાને થપ્પડ મારી-કર્મચારી પર ખુરશી ફેંકી

## ગયા મહિને જ એક મહિલાએ બજિન્દર સિંહ પર પાંચ વર્ષ સુધી તેનું જાતીય શોષણ કરવાનો આરોપ મૂક્યો હતો

। (એજન્સી) ચંડીગઢ, તા.૨૪ ।

પંજાબમાં છેલ્લા કેટલાક સમયથી ખ્રિસ્તી ધર્મના પ્રચાર-પ્રસારની સાથે ધર્માંતરણ વધ્યું છે. આવા સમયે સ્વયંભુ ખ્રિસ્તી ધર્મગુરુ બજિન્દરહ સિંહ ફરી એક વખત વિવાદોમાં સપડાયા છે. થોડા સમય પહેલાં બજિન્દરસિંહ વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ નોંધાયો હતો. હવે જાલંધરમાં બજિન્દર સિંહની ઓફિસનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તાજપુર ચર્ચનો પાદરી બજિન્દર સિંહ ગુસ્સામાં એક મહિલાને થપ્પડ મારતા અને કર્મચારી પર સામાન ફેંકતા જોવા મળે છે. પંજાબના જાલંધરમાં રહેતો બજિન્દર સિંહ 'ધ ચર્ચ ઓફ ગ્લોરી એન્ડ વિઝડમ'નો પ્રમુખ છે અને પોતાને પૈગંબર બજિન્દર કહે છે. ગયા મહિને તેની ઓફિસનું એક સીસીટીવી ફુટેજ સોશિયલ મીડિયા પર હાલ વાયરલ થઈ રહ્યું છે, જેમાં બજિન્દર સૌથી પહેલાં તો એક વ્યક્તિને વારંવાર થપ્પડ મારે છે. તેના પર છુટ્ટી ખુરશી ફેંકે છે.બજિન્દર ત્યાર પછી બાજુમાં બેઠેલી



મહિલા સાથે ઝઘડો કરવા લાગે છે અને ખૂબ જ ગુસ્સામાં આવીને તે અચાનક મહિલાના મોં પર પુસ્તક જેવી વસ્તુ મારે છે. આથી મહિલા તેની પાસે જઈને વિરોધ નોંધાવે છે ત્યારે બજિન્દર તેને થપ્પડ પણ મારી દે છે. આ સમયે રૂમમાં હાજર અન્ય લોકો વચ્ચે પડતા જોવા મળે છે અને બજિન્દરને રોકવાનો પ્રયત્ન કરે છે. જોકે, બજિન્દર સિંહ જેમની સાથે ઝઘડો કરે છે તે તેમના કર્મચારીઓ હોવાનું કહેવાય છે. જોકે, આ ઝઘડો શેના કારણે થયો હતો તે જાણી શકાયું નથી. થોડા સમય પહેલા એક મહિલાએ સ્વયંભુ ધર્મગુરુ બની બેઠેલ બજિન્દર સિંહ પર જાતીય સતામણીનો આરોપ મૂક્યો હતો.

# અમદાવાદમાં બુલેટ ટ્રેનની કામગીરી વચ્ચે વટવામાં ક્રેન તૂટી પડી



। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

હાલમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટે ઝડપથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે અમદાવાદના વટવા-રોપડા વિસ્તારમાં બુલેટ ટ્રેન માટે બ્રિજ ઊભા કરવાની કામગીરી વખતે અચાનક ક્રેન તૂટી પડતાં મોટી દુર્ઘટના સર્જી.

આ ઘટનામાં બે કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયાની માહિતી છે પરંતુ આ સિવાય કોઈ મોટી જાનહાનિના અહેવાલ નથી. બીજી બાજુ મળતી માહિતી અનુસાર બુલેટ ટ્રેનના પિલ્લર પર મૂકવામાં આવેલી ક્રેન અચાનક તૂટી પડી હતી. જેના કારણે નજીકમાંથી પસાર થતાં રેલવે ટ્રેકને નુકસાન થયું હતું જેના કારણે મુંબઈ-અમદાવાદ રુટ પર દોડતી અનેક ટ્રેનોની અવર-જવરને અસર થઈ હતી.

માહિતી મુજબ ગત રાતે જ વડોદરાથી અમદાવાદ તરફ જતી ૧૦ જેટલી ટ્રેનો ખોરવાઈ ગઈ હતી. તેને વિવિધ સ્ટેશનોએ અટકાવી દેવામાં આવી હતી. આ ક્રેન મોટી હોવાને કારણે અમદાવાદ-મુંબઈ વચ્ચેની રેલવે લાઈન પર આવેલ ઓવરહેડ વાયર તૂટી પડ્યો હતો જેના લીધે અનેક ટ્રેનો ઠપ થઈ ગઈ હતી. માહિતી મુજબ હાલમાં અપલાઈન ચાલુ છે અને ડાઉન લાઈન પર દોડતી ટ્રેનો બંધ છે. ઘણી ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયા છે જ્યારે કેટલીક ટ્રેનના રુટ ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે.

## આરોપી ગુલામ મુસ્તુફાને કોર્ટે ફટકારી આજીવન કેદની સજા

। (એજન્સી) વલસાડ, તા.૨૪ ।

વલસાડ જિલ્લાના ઉમરગામના ગાંધીવાડીમાં રહેતા પરિવારની ૩ વર્ષીય માસૂમ બાળકી સાથે વિધર્મી યુવાને દુષ્કર્મ કર્યાના ચકચારી કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સખત સજા ફટકારતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જયારે રૂ.૫૦ હજારનો દંડ ચૂકવવા જોગવાઈ કરાઈ છે. દંડની રકમ અને વળતર પેટે રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૫૦ લાખ પીડિતાને ચૂકવવાનો આદેશ કરાયો છે. કેસની વિગત એવી છે કે, ઉમરગામના ગાંધીવાડીમાં રહેતા એક પરિવારની ૩ વર્ષીય માસૂમ બાળકી સાથે પાડોશમાં રહેતા હવસખોર યુવાને શારીરિક અડપલા કરી દુષ્કર્મ કરતા ભારે ચકચાર મચી ગઈ હતી. વિધર્મી યુવાનના ગંભીર કૃત્ય સામે હિન્દુ સંગઠનના આગેવાનો સહિત લોકોએ પોલીસ મથકનો ઘેરાવ કરી ભારે હંગામો મચાવી દીધો હતો. વિધર્મી આરોપી ગુલામે મુસ્તુફા મોહંમદ સમીમ ખલીફા (રહે. દેવધામ, ઉમરગામ)ની પોલીસે ગણતરીના કલાકોમાં મહારાષ્ટ્રથી ધરપકડ કરી હતી. પોલીસે આરોપી સામે સજજડ પૈરાવા સાથે ચાર્જશીટ પણ દાખલ કરી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી શરૂ થયા બાદ પબ્લીક પ્રોસીક્યુટર અનિલ ત્રિપાઠીએ પીડિતા સહિત અનેક લોકોના નિવેદનો અને પુરાવા સાથે દલીલો કરી હતી. સોમવારે આ કેસમાં સ્પેશિયલ જજ ટી.વી. આહુજા એ આરોપી ગુલામે મુસ્તફા ખલીફાને દોષી ઠેરવી અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા અને રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો ઐતિહાસિક ચૂકાદો આપ્યો છે. દંડની રકમ અને વળતર પેટે રૂ.૬ લાખ મળી કુલ રૂ.૬.૫૦ લાખ પિડીતાને ચૂકવવા આદેશ કરાયો છે.

## ૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતમાં પ્રથમ વાર યોજાઈ રહેલી ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો આજે ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. દેશના વિવિધ રાજ્યોમાંથી આ સ્પર્ધામાં સહભાગી થવા પધારેલા તમામ સ્પર્ધકોનું ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ તરફથી સ્વાગત કરતા ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની આ ભૂમિ પર ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનું આયોજન કરવા બદલ ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તથા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના વડાશ્રીનો આભાર વ્યક્ત કરું છું. વિકાસ સહાયે ઉમેર્યું કે, દેશની અને રાજ્યની આંતરિક સુરક્ષામાં રાજ્ય પોલીસ દળ તેમજ કેન્દ્રીય પોલીસ દળનું યોગદાન સવર્શ્રેષ્ઠ છે. એકબીજાના સંકલન થકી સૌ સાથે મળીને આ જવાબદારી નિભાવી રહ્યા છે તેનું આ પરિણામ છે.

### એપ્લિકેશન થકી પ્રેમજાળમાં ફસાવીને ઠગાઈનો નવો કિમિયો

## હવે ડેટિંગ એપ્લિકેશન મારફતે સાયબર ગઠિયાઓએ ઠગાઈ આચરવાનું શરૂ કર્યું

### સોશિયલ મીડિયાના જમાનામાં કેટલીક ચોક્કસ એપ્લિકેશન મારફતે પ્રેમ શોધવાની ઘેલછાનો ટ્રેન્ડ ખૂબ જોરશોરથી યુવાઓમાં જોવા મળી રહ્યો છ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

આજની ડિજિટલ દુનિયામાં ગઠિયાઓ ઠગાઈની નવી નવી તરકીબો થકી લોકોને ઠગી રહ્યા છે ત્યારે તાજેતરમાં કેટલાક એવા કિસ્સા ધ્યાને આવ્યા છે કે જેમાં ડેટિંગ એપ્લિકેશન મારફતે લોકો ઠગાઈનો શિકાર બન્યા છે. જોકે, આબરૂ જવાની બીકના લીધે આવા યુગલોએ પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

સોશિયલ મીડિયાના જમાનામાં કેટલીક ચોક્કસ એપ્લિકેશન મારફતે પ્રેમ શોધવાની ઘેલછાનો ટ્રેન્ડ ખૂબ જોરશોરથી યુવાઓમાં જોવા મળી રહ્યો છે. આવા ડિજિટલ પ્રેમની સાયબર માયાજાળમાં ફસાઈને યુગલો આર્થિક ઠગાઈનો શિકાર બન્યા હોવાના કિસ્સા સાંભળવા મળી રહ્યા છે. ઓનલાઈન પ્રેમની શોધમાં ફરતા યુવાનોને સાયબર ગઠિયાઓ દ્વારા ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. એવા યુવાનો જેઓ સોશિયલ મીડિયા અને ચોક્કસ એપ્લિકેશનમાં પ્રોફાઈલ બનાવીને પ્રેમમાં પડતા હોય છે.

ત્યારબાદ પ્રોફાઈલમાં બતાવેલી યુવતી મોંઘીદાટ હોટલોમાં યુવકને લંચ અને ડીનર પર લઈ જવાનું કહેતી હોય છે. જ્યાં યુવતી યુવક પાસે બિલ પેમેન્ટ કરાવતી હોય છે. બાદમાં બીજા દિવસથી યુવતી યુવકને બ્લેકલિસ્ટમાં નાખી દેતી હોય છે. બીજા કિસ્સામાં ફેક પ્રોફાઈલ રહેતી હોય છે. જેમાં સુંદર યુવતીના ફોટા પ્રોફાઈલમાં રહેતા હોય છે. વાતચીત શરુ કરવામાં આવે છે.

બાદમાં હોસ્પિટલમાં છું, થોડા રૂપિયાની જરૂરિયાત છે તેમ કહીને યુવકો પાસેથી રૂપિયા પડાવી લેવામાં આવે છે. રૂપિયાની જરૂરિયાત પૂરી થઈ ગયા બાદ યુવકની પ્રોફાઈલને બ્લોક કરી દેવામાં આવે છે. ઘણા કિસ્સામાં પ્રોફાઈલ મેચધારક યુવતી સાથે પ્રેમભરી વાતચીત કરવામાં આવે છે અને પ્રેમનો એકરાર થયા બાદ યુવતી પોતાના ન્યૂડ ફોટા મોકલીને બાદમાં યુવક પાસેથી ખંડણી પડાવતી રહે છે.

### મારા વિશે ખોટી ચઢામણી કેમ કરે છે કહેતા મામલો બીચક્યો

## રામોલમાં બે મિત્રોએ યુવકને બોલાવી ઝઘડો કરી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા

### નીરજે સારવાર લીધા બાદ રામોલ પોલીસ સ્ટેશનમાં મિત્ર મુકેશ ગુપ્તા અને આકાશ ગુપ્તા સામે ફરિયાદ નોંધાવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રામોલમાં યુવક વિરુદ્ધ બે મિત્રો અન્ય મિત્રોને ખોટી ચઢામણી કરતા હોવાની વાત જાણવા મળતા યુવક ગત રોજ રાત્રિના સમયે મિત્રને ફોન કરીને ઠપકો આપ્યો હતો કે જેથી યુવકને ઘરે મળવા બોલાવ્યો અને ઝઘડો કરીને યુવક પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી દેતા યુવક લોહીલુહાણ હાલતમાં જમીન પર પટકાઈ પડ્યો હતો. ત્યારબાદ યુવકે સારવાર લીધા બાદ બંને મિત્રો સામે રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.રામોલમાં અદાણી સર્કલ નજીક ફ્લેટમાં રહેતા નિરજ ઉર્ફે બાઠીયો ચૌહાણ (ઉ.૨૫) તેના પરિવાર સાથે રહે છે અને છૂટક મજૂરી કામ કરે છે. ગત રોજ યુવકે તેના મિત્રને ફોન કરીને કહ્યું કે તારા ભાઈને સમજાવી દે જે મારા વિશે લોકોને ખોટી ખોટી વાતો કરીને ચઢામણી કરવાનું બંધ કરી દે. જેથી આરોપીએ યુવકને કહ્યું મારા ઘરે આવી જા આપણે બેસીને વાત કરી લઈએ, તેથી યુવકે તેનું એક્ટિવા લઈને મિત્રને મળવા સારું પહોંચ્યો હતો. ત્યારે મિત્ર અને તેનો ભાઈએ ભેગા મળીને વાતચીત કરી રહ્યા હતા તે સમયે બંને ભાઈઓ ભેગા થઈને યુવક સાથે મારમારી કરવા લાગ્યા અને અચાનક જ આકાશ ગુપ્તા ઘરમાંથી તીક્ષણ હથિયાર લઈને આવ્યો અને નીરજ પર હુમલો કરી દીધો હતો. તીક્ષણ હથિયાર વાગવાથી નિરજ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો ત્યારબાદ પણ બંને ભાઈઓ ભેગા થઈને નીરજને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. આ સમયે નીરજે બૂમાબૂમ કરતા આસપાસના લોકો ભેગા થઈ ગયા અને ઝઘડો કરતા અટકાવ્યા હતા. ત્યારબાદ ઘાયલ નીરજ એક્ટિવા લઈને બહાર આવ્યો અને તેના મોટાભાઈને બનાવ અંગેની જાણ કર્યા બાદ ૧૦૮ની મદદથી ઘાયલ નીરજને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. નીરજે સારવાર લીધા બાદ રામોલ પોલીસ સ્ટેશનમાં મિત્ર મુકેશ ગુપ્તા અને આકાશ ગુપ્તા સામે ફરિયાદ નોંધાવી છે.

## ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેનનું અંજાર અને આદિપુર સ્ટેશનો પર વધારાનું સ્ટોપેજ

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, ભુજ-રાજકોટ-ભુજ સ્પેશિયલ ટ્રેનને અંજાર અને આદિપુર સ્ટેશનો પર વધારા નું સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે સાથે જ આ ટ્રેનના સમયમાં પણ આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નંબર ૦૯૪૪૬ ભુજ-રાજકોટ સ્પેશિયલ ૨૬ માર્ચ ૨૦૨૫ થી ભુજથી ૦૬.૫૦ કલાકે ઉપડશે તથા અંજાર સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૦૭.૧૮/૦૭.૨૦ કલાકે અને આદિપુર સ્ટેશન પર ૦૭.૨૯/૦૭.૩૧ કલાકનો રહેશે તથા ૧૩.૧૫ કલાકે રાજકોટ પહોંચશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૪૫ રાજકોટ-ભુજ સ્પેશિયલ ૨૬ માર્ચ ૨૦૨૫થી રાજકોટથી ૧૪.૩૦ કલાકે ઉપડશે અને આદિપુર સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૯.૨૭/૧૯.૨૯ કલાકે અને અંજાર સ્ટેશન પર ૧૯.૩૬/૧૯.૩૮ કલાક નો રહેશે તથા ૨૦.૫૫ કલાકે ભુજ પહોંચશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ગાંધીધામ-જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ હવે પ્રતિદિન ચાલશે

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૨૨૪૮૪/૨૨૪૮૩ ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન ના સંચાલન દિવસો લંબાવવામાં આવ્યા છે. આ ટ્રેન હવે પરિવર્તિત સમયની સાથે હવે ત્રિ સાપ્તાહિક ના બદલે પ્રતિદિન ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં. ૨૨૪૮૪ ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ ૨૪ માર્ચ ૨૦૨૫થી ગાંધીધામથી (મંગળવાર, ગુરુવાર અને રવિવાર) ના બદલે પ્રતિદિન ૨૩.૫૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯:૪૫ કલાકે જોધપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૨૪૮૩ જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસ તાત્કાલિક અસરથી જોધપુરથી (સોમવાર, બુધવાર અને શનિવાર) ને બદલે પ્રતિદિન ૨૦.૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૬.૦૫ ગાંધીધામ પહોંચશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## રાજકોટમાં નમકીન બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગી

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટ માં વધુ એક નમકીન બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગી છે. નાકરાવાડી નજીક વેફર અને નમકીન બનાવતી દ્રમ્ઢ કંપનીમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. રાજકોટ જીલ્લામાં કુવાડના નડીક નાકરાવાડી પાસે ભીષણ આગ લાગી તુકુલ કેબિનેટ ફૂડ ઈન્ડિયા વેફર્સ નમકીન કંપનીમાં આગ લાગતા લોકોમાં અફડાતફડી મચી ગઈ છે. દ્રમ્ઢ ફૂડ નામની કંપનીમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા છે. આ બનાવની જાણ થતા ૪ ફાયર ફાયટરો ઘટના સ્થળે પહોંચી ગયા છે. તેમજ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. માહિતી મુજબ આગ સવારે સાડા નવ વાગ્યે લાગી હતી. ૫ કિલોમીટર સુધી આગ ફેલાઈ ગયેલી દેખાઈ રહી છે. સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રાજકોટના પડધરી પાસે આવેલી સહારા યુનાઈટ નામની પ્લાસ્ટિકની ફેક્ટરીમાં આગ ફાટી નીકળી હતી અને બેકાબૂ બનતા સ્થાનિકોમાં પણ ભય ફેલાયો હતો. મળતી માહિતી મુજબ અત્યાર સુધી ૭૦ ટકા આગને કાબૂમાં લેવાઈ છે. ફાયર બ્રિગેડના અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું છે કે બપોર સુધી આગ કાબૂમાં આવી શકવાની સંભાવના છે. હાલ પ્લાસ્ટિક ફેક્ટરીમાં મોટા જથ્થામાં તૈયાર કાચા માલને જંગી નુકસાન થયું છે. આગ કયા કારણોસર લાગી તેનું સચોટ કારણ શોધી શકાયું નથી.અગાઉ વડોદરા શહેરના ગેંડા સર્કલ નજીક એટ્લાન્ટિક્સ કોમ્પ્લેક્સમાં આગ લાગી હોવાની ફાયર વિભાગને જાણ થતાં ટીમ પહોંચી ઘટનાસ્થળે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. માહિતી મુજબ, આ બિલ્ડિંગમાં કન્સલ્ટન્સી કંપનીમાં કામ કરતા ઘણા કર્મચારીઓ હાજર હતા, જોકે તમામનો જીવ બચી ગયો હતો. આગમાં કેટલાક કેબલો બળી ગયા હતા.

## વડનગરનું પ્રાચીન હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝગમગી ઊઠશે

। (એજન્સી) વડનગર, તા.૨૪ ।

વડનગરનું પ્રાચીન હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝગમગી ઊઠશે. આ માટેની સિસ્ટમનું મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું છે. Vadnagar's ancient Hatkeshwar temple વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના અલગ અલગ હેરિટેજ સ્થળો, પૌરાણિક-ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થાનો તથા જુદા જુદા મોન્યુમેન્ટ્સની વિરાસત જાળવી રાખીને વધુને વધુ પ્રવાસીઓ-લોકોને તેના ઈતિહાસ, સંસ્કૃતિ અને અન્ય મહાત્મયથી પરિચિત કરાવવા "વિરાસત ભી, વિકાસ ભી"નો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે. ગુજરાત સરકારે આ અભિગમને વડનગરના હાટકેશ્વર મંદિરના નવનિર્મિત લાઈટ એન્ડ સાઉન્ડ શોથી સાકાર કર્યો છે. હાટકેશ્વર મંદિરના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ આ મંદિરના પૌરાણિક ઈતિહાસને સુપેરે જાણી શકે તે હેતુથી ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા રૂપિયા ૫.૫૩ કરોડના ખર્ચે અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય મહોત્સવમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોનું લોકાર્પણ તેમજ સુવર્ણ શિખર અને ધ્વજારોહણ તથા નવી નિર્માણ થયેલી યજ્ઞશાળાના લોકાર્પણ કર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રી શિવ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તિ ભાવપૂર્વક સહભાગી થયા હતા. તેમજ હાટકેશ્વર મહાદેવનું પૂજન અર્ચન કર્યું હતું અને સુવર્ણ શિખરના દાતા પરિવારોને સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વતન ભૂમિ વડનગર પુરાતત્વીય અનુભવાત્મક મ્યુઝિયમ, કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક, બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, થીમ પાર્ક જેવી વિરાસતોને પરિણામે દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હવે આ આકર્ષણમાં વધુ એક નજરાણું પુરાણ પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવની ગાથા વર્ણવતા અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા ઉમેરાયું છે. તેમણે જણાવ્યું કે ગુજરાતના મહત્વપૂર્ણ તીર્થસ્થાનોમાં ગણાતા વડનગર ખાતેના હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક તેમજ ઐતિહાસિક મહત્વ અજોડ છે. ભગવાન શિવ સ્વયંભૂ રૂપે પાતાળ લોકમાંથી પૃથ્વી પર પ્રગટ થયેલા હાટકેશ્વર મહાદેવના આ મંદિરનું પુરાતન ઈતિહાસ 'નાગરખંડ' તથા 'સ્કંદ પુરાણ'માં પણ ઉલ્લેખિત છે. નાગર જ્ઞાતિના કુળદેવતા તરીકે જાણીતા હાટકેશ્વર મહાદેવનું આ મંદિર વિશ્વભરમાં આસ્થા માટે આગવું સ્થાન ધરાવે છે. આ પુરાતન મંદિરની શિલ્પ કલા વૈભવમય છે, જ્યાં વિશાળ મંડપ, શિલ્પો દ્વારા દર્શાવાયેલ વિષ્ણુના દશાવતાર તથા પાંડવોના અરણ્યવાસથી સંકળાયેલા શિલ્પો દર્શનાર્થીઓનું ધ્યાન ખેંચે છે.

